# સેવા એક સફળતા અનેક

–રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના
સેવા ઉપર પ્રેરક પ્રવચન



# સેવા એ જ
# સફળતા અને

: પ્રવચનકાર :

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# સેવા એક.. સફળતા અનેક...

## PARASDHAM

વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ)
મુંબઈ - 400077 • Ph. No.: +91-22-32043232

12/2A, બકુલ બગાન રો,
કોલકત્તા - 700025 • Ph. No.: +91-33-2475003

4, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ,
રાજકોટ- 360005 • Ph. No.: +91-281-2577630

## PAWANDHAM

B.C.C.I ક્રિકેટ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - 400067 • Ph.No.: +91-22-28093833

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઈ નગર,
વડોદરા - 390007 • Ph.No. +91-265-3293232

6/6 નેતાજી સુભાષ રોડ, મલ્લિક ફાટક પાસે,
હાવડા સાઉથ - 711101. • Ph.No. +91-93390-01757

## PAVITRADHAM

પવિત્રધામ જૈન સંઘ-સેટેલાઈટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,
અમદાવાદ - 380015 • Ph.No. 09427325640

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | સેવા જે દેવોને પણ પ્રિય..! | 01 |
| 2. | ગણધર કોણ બને ? | 05 |
| 3. | જિનશાસન મારૂં ઘર છે | 09 |
| 4. | સેવા કોણ કરી શકે ? | 13 |
| 5. | સેવાનું મૂલ્ય.. સેવા અમૂલ્ય.. | 17 |
| 6. | ।। તસ્સેસમગ્ગો ગુરુ વિદ્ધ સેવા ।। | 27 |
| 7. | સેવાથી સાધના સમૃધ્ધ | 31 |
| 8. | સેવા અપાવે સિધ્ધિ.. | 37 |
| 9. | સામાન્યથી સમર્થ | 41 |
| 10. | સહાય...સેવાનો પ્રકાર | 47 |
| 11. | સેવા ત્યાં સ્વીકાર | 51 |
| 12. | બાળકની મનધારા | 57 |
| 13. | અનોખી સેવા | 65 |
| 14. | સેવા પ્રભુનો પ્રસાદ | 73 |
| 15. | સેવાથી સિધ્ધત્વ | 79 |
| 16. | સેવાથી કૃપાવંત | 83 |



# સેવા જે દેવોને પણ પ્રિય!

# સેવા જે દેવોને પણ પ્રિય! 1

માનો કે કોઈ ધાર્મિક કાર્યક્રમ હોય, કોઈ ઉત્સવ કે મહોત્સવ હોય ત્યારે તમે શું કરો છો ? મહોત્સવના દિવસે સમયસર મંડપમાં પહોંચી, સારામાં સારી જગ્યા શોધીને બેસી જાવ છો. બરાબર ! !

તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, એના શુભ શુકલ અને પોઝીટીવ પરમાણુઓ દેવલોકમાં પહોંચી ગયાં. દેવલોકના દેવો અને ઈન્દ્રો પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં. વાહ ! હવે તો પરમાત્માના પ્રજ્ઞા પ્રાગ્ટયનો ઉત્સવ ઉજવાશે, પરમાત્મા પ્રતિબોધ આપશે. ચાલો... આપણે પણ જઈએ !

દેવો પધારે છે, પણ શું દેવો આવીને ડાયરેકટ એમની જગ્યાએ બેસી જાય છે ? ના ! દેવો વાહેલા આવે છે, જ્યાં પરમાત્મા બિરાજવાના હોય છે, એ સ્થાનને એમની લબ્ધિથી સમતલ કરે છે અને ત્યાં ભવ્ય અને આકર્ષક બેઠક વ્યવસ્થા કરે છે, જેને **'સમવશરણ'** કહેવાય છે. સોનાનો ગઢ, રત્નના કાંગરા, રત્નનો ગઢ મણિરત્નના કાંગરા એમ ત્રણ લેયર્સના ખૂબ જ સુંદર સમવશરણની રચના કરે છે.

હજારો મનુષ્ય, હજારો તિર્યંચ, હજારો દેવો શાંતિથી અને વ્યવસ્થિત બેસી શકે એવી રચના કરે છે.

એ હજારો જીવોને તાપ-તડકો લાગે અને વાતાવરણની અસરના કારણે તેઓ પરમાત્માની વાણી બરાબર ન સાંભળી શકે તો ? ? એ માટે એક ઘટાદાર મંડપની રચના કરે છે જેને **'અશોક વૃક્ષ'** કહેવાય છે. અશોક એટલે જ્યાં શોક ન હોય. અશોક વૃક્ષનો ગુણધર્મ છે જે નેગેટીવ વાઈબ્રેશન્સને હરી લે છે. બેઠક વ્યવસ્થા અને સાનુકૂળતા બાદ સર્વ જીવો પરમાત્માની વાણી સાંભળી શકે એ માટે એવી સીસ્ટમ સેટ કરે છે, જેનાથી પરમાત્માની વાણી **'યોજન ગામીની'** બની જાય છે, એટલે કે એ વાણી એક યોજન સુધી સંભળાય. આને પરમાત્માનો અતિશય કહેવાય છે, પણ એ અતિશય પણ દેવકૃત જ છે, દેવો દ્વારા કરાયેલો છે.

**શા માટે દેવો આટલી બધી વ્યવસ્થા અને આવી ભવ્ય રચના કરે છે ? ? શા માટે સમવશરણની રચના કરે છે ?**

દેવલોકના દેવો વિચારે છે, પરમાત્મા ત્રિકાળ જ્ઞાની થઈ ગયાં. હવે મારા પરમાત્મા ધર્મ ઉપદેશ આપશે. સૃષ્ટિના જીવોના હિત, શ્રેય અને કલ્યાણ માટે દેશના આપશે અને એ દેશના સાંભળવા, જેમના વિચારો પરમાત્મા સાથે મળવા લાગ્યાં હશે, જેમનું પરમાત્મા સાથે વૈચારિક મિલન થવા લાગ્યું હશે, એવા સદ્ભાગી આત્માઓ આવશે, પરમાત્માની વાણી સાંભળશે અને સ્વયંના આત્માનું કલ્યાણ કરશે.

અમે તો દેવલોકના દેવો છીએ, અમને પરમાત્માની વાણી વધારે અસર નહીં કરે, એટલે અમે પામીએ એના કરતાં જે આત્મહિત કરી શકે એવા સદ્ભાગી છે, એ

હજારો જીવો પરમાત્માની અનુપમ વાણીને સાંભળે અને પરમાત્માની પ્રજ્ઞાને પામે.

અમે દેવલોકમાં જન્મ્યા છીએ એટલે અમે પરમાત્માને પગલે પગલે ચાલી શકીએ કે મોક્ષ માર્ગે આગળ વધી શકીએ એવી અમારી પાત્રતા નથી, પણ જે પાત્રવાન છે તેમની **અમારે સેવા કરવી છે.** અમે તો ત્યાગ માર્ગ ઉપર જઈ શકીએ એમ નથી પણ જે ત્યાગ માર્ગે જવા તત્પર છે, સક્ષમ છે એમને અમારે સપોર્ટ કરવો છે. મારા પરમાત્મા પાસે આવનારા હજારો આત્માઓને કેવી રીતે શાતા રહે, કેવી રીતે સાનુકૂળતા મળે અને કેવી રીતે કોઈ પણ જાતના ડીસ્ટર્બન્સ વિના પરમાત્માની વાણીનું અમૃત પાન કરી શકે, તે અમારે કરવું છે.

દેવલોકના દેવોની સેવા અને સપોર્ટ કરવાની ભાવનાની ફળશ્રુતિ એટલે સમવશરણનું સર્જન!! પામવા કરતાં પમાડવાની કેવી ઉત્કૃષ્ટ ભાવના ?? સાધના માર્ગે જનારાને સહાય કરવાની કેવી પરમાર્થ ભાવના ?

**એ ઉત્કૃષ્ટ અને પરમાર્થ ભાવનાનું નામ છે 'સેવા' !**

પરમાત્માના સમયમાં જે દેવલોકના દેવો કરે છે, એ જ પરમાત્માના અનુચર એવા સદ્‌ગુરુના સમયમાં આપણે કરીએ તો ??

**દેવોને પણ જે પ્રિય છે, એ 'સેવા' ને આપણે પણ પ્રિય બનાવીએ તો ??**



# ગણધર કોણ બને ??

# ગણધર કોણ બને ?? 2

એક દિવસ એક કુતૂહુલી વ્યક્તિ ભગવાન પાસે આવે છે અને ભગવાનને કહે છે :

હે ભગવાન ! આપના સમવસરણમાં તો હજારો જીવો છે, દેવો છે, રાજા-મહારાજાઓ છે, સાધુ-સાધ્વીજીઓ છે, જ્ઞાની છે, વિદ્વાનો છે, તો ભગવાન ! આ બધાંમા ગણધર કોણ બને ?

ભગવાને કહ્યું, હે વત્સ ! જે સંપતિથી સમૃધ્ધ હોય તેવા રાજા-મહારાજાઓ, જે જ્ઞાનથી સમૃધ્ધ હોય તેવા જ્ઞાનીઓ, જે સંયમથી સમૃધ્ધ હોય તેવા સાધુ-સાધ્વીજીઓથી પણ શ્રેષ્ઠ હોય છે સેવક, જે સેવાથી સમૃધ્ધ હોય છે અને **એવા સેવાથી સમૃધ્ધ સેવક ગણધર બને છે !**

સેવા એ પ્રજ્ઞાને ખીલવવાનો શ્રેષ્ઠ ઉપાય છે અને જ્યારે પ્રજ્ઞા ખીલે છે ત્યારે જ ગણધર લબ્ધિ પ્રગટ થાય છે, જેમની પાસે ગણધર લબ્ધિ હોય છે, તે જ પરમાત્માની વાણીને સાંભળીને તરતજ જ્ઞાની થઈ જાય છે. તેને જ દ્વાદશાંગીનું જ્ઞાન થઈ જાય છે.

**જે સેવા કરે છે તેને જ પરમાત્માની કૃપાનો પ્રસાદ મળે છે.**

તીર્થંકર પરમાત્મા મહાવીરને જે પ્રાપ્ત કરવા માટે સાડાબાર વર્ષ લાગ્યાં તે જ ગણધર ગૌતમને પરમાત્માની કૃપાથી સાડાબાર સેકંડમાં પ્રાપ્ત થઈ ગયું.

**પરમાત્માએ પુરુષાર્થ કર્યો, ગૌતમને પ્રસાદ રૂપે પ્રાપ્ત થઈ ગયું !**

**આ છે સેવાનું ફળ ! !**


કૃપા
જે સેવા કરે છે તેને જ, પરમાત્માની કૃપાનો પ્રસાદ મળે છે.


જિનશાસન મારૂં ઘર છે.

# જિનશાસન મારૂં ઘર છે. 3

એક ઘરમાં બે વ્યક્તિઓ રહેતી હોય, એક મહેમાનની જેમ રહેતી હોય અને એક ઘરની જેમ !

બંને વચ્ચે ફરક શું હોય ?

એક ને કાંઈ સુઝ ન હોય, જે જ્યાં પડયું હોય ત્યાં જ પડયું હોય અને એક બધું વ્યવસ્થિત રાખે, એની પાસે સુઝ હોય અને એ પ્રમાણે ઘરને સ્વચ્છ રાખે.

એમ એક હોય સેવા અને એક હોય કામ !

બંનેમાં ફરક શું હોય ?

**જેમાં હાથ અને પગ જોડાય તેને કામ કહેવાય.**

**જેમાં હાથ, પગ અને હાર્ટ જોડાય તેને સેવા કહેવાય.**

મહેમાન હોય એને કામ બતાવવું પડે, કહેવું પડે, તમે આટલું કરી આપશો ? જ્યારે

ઘરની વ્યક્તિ હોય, એને ક્યારેય કહેવું ન પડે, એ મોડું થયું હોય, થાક લાગ્યો હોય તો પણ પોતાનું કામ દિલથી કરી જ લે.

એમ એક જૈન તરીકે જિનશાસન એ આપણું ઘર છે. આપણો જન્મ જિન શાસનમાં થયો છે અને જ્યાં જન્મ થયો હોય તે આપણું ઘર જ હોય ને ! !

હવે જિન શાસનમાં તમે મહેમાન બનીને રહો છો કે ઘરની વ્યક્તિ બનીને ? ? જિન શાસનની સેવા કરવી એ આપણી ફરજ બને કે ન બને ? ? અને શાસનની સેવા માટે આજ્ઞાની જરૂર હોય કે ઓટોમેટિક આજ્ઞા હોય ? આજ્ઞાની જરૂર ક્યાં હોય ? જ્યાં ઈચ્છા હોય ! !

જો જિન શાસન તમારા માટે ઘર છે તો કોઈ આજ્ઞાની જરૂર નથી, જો તમે જિન શાસનના ઘરની વ્યક્તિ છો તો તમને એકના બદલે અનેક સેવાના કાર્ય નજર સામે દેખાશે અને જો તમે જિન શાસનમાં મહેમાન બનીને રહો છો તો સેવા તમને શોધવાથી પણ નહીં મળે !

**સેવા જેને શોધવી પડે તે જિન શાસનમાં મહેમાન છે. તે જાનશાસનમા પરિવારનો સભ્ય નથી.**

પરમાત્માનું શાસન, પરમાત્માનું સ્થાનક અને પરમાત્માના અનુચર એવા સદ્‌ગુરુ જેમને પોતાના લાગે અને ત્યાં જે કામ થતું હોય તે માત્ર કામ ન હોય તે 'સેવા' હોય કેમકે એમાં હાથ, પગની સાથે હૈયુ પણ જોડાઈ ગયું હોય !

જિન શાસનમાં, ધર્મ સ્થાનકમાં જો દરેક વ્યક્તિ પ્રેમથી ભાવથી, દિલથી, શિસ્તથી પોતાનું દરેક કાર્ય અને દરેક પ્રવૃતિ કરે તો સંઘમાં પગારદાર

કાર્યકર્તાઓની જરૂર જ ન પડે.

જો શાસનની દરેક વ્યક્તિને શાસન પોતાનું ઘર લાગે અને ઘરની વ્યક્તિની જેમ સેવા કરે, દરેક વ્યક્તિ 'સ્વયં સેવક' હોય તો શાસનમાં કેવી શાંતિ અને શિસ્ત હોય !!

જે શાસનમાં મહેમાનો વધારે હોય છે, તે શાસનમાં અશાંતિ અને અશિસ્તતા વધારે હોય છે.

અશાંતિ અને અશિસ્તતા પણ હિંસાનો જ એક પ્રકાર છે. કેમકે, એમાં કોઈની લાગણીની, કોઈની ભાવનાની, કોઈની ભક્તિની હિંસા થાય છે.

ચેક કરો તમારા સેલ્ફને...

આટલું શ્રેષ્ઠ પરમાત્માનું શાસન મળ્યાં પછી તમે એને પોતાનું માનો છો કે એમાં મહેમાન બનીને રહો છો ? જો પોતાનું માની, એમાં દિલથી સેવા આપો છો તો તમને પરમાત્માના વારસદાર તરીકે આશીર્વાદ, કૃપા અને કરૂણાનો અમૂલ્ય ખજાનો મળશે અને જો એમાં તમારી સાધના અને પુરુષાર્થ ભળશે તો મોક્ષ પણ મળશે. પણ જો મહેમાન બનીને રહ્યાં તો ? ? ? તો થોડા દિવસની મહેમાનગતિ સિવાય કાંઈ જ નહીં મળે !! આ ભવ પૂરો થઈ જશે અને ભવભ્રમણ ચાલુ રહેશે.

**જિન શાસનની, પરમાત્માની સેવાનું આ જ તો મહત્ત્વ છે, જે તમને સિધ્ધત્વ સુધી લઈ જાય છે.**



# સેવા કોણ કરી શકે ?

# સેવા કોણ કરી શકે ? 4

સેવા કોઈ પણ વ્યક્તિ કરી શકે. કોઈ પણ સંપ્રદાયની વ્યક્તિ કરી શકે, કોઈ પણ ધર્મની વ્યક્તિ કરી શકે, કોઈ પણ નાતની વ્યક્તિ કરી શકે, કોઈ પણ ઉંમરની વ્યક્તિ કરી શકે.

બાળકમાં પણ જો નાનપણથી સંસ્કાર આપવામાં આવે તો બાળક પણ એની ક્ષમતા પ્રમાણે સેવા કરી શકે, વડીલ વૃધ્ધ પણ એની કેપેસીટી પ્રમાણે એના લાયક સેવા કરી શકે, અરે ! અપંગ વ્યક્તિ ધારે તો એ પણ યથાશક્તિ સેવા કરી શકે, બસ ! સેવા માટે ભાવ હોવા જોઈએ. અંતરથી એક ફીલીંગ્સ હોવી જોઈએ, એક પોતાપણુ હોવું જોઈએ, આત્મિય ભાવ હોવો જોઈએ અને પ્રેમ હોવો જોઈએ.

જ્યાં પ્રેમ હોય ત્યાં વ્યક્તિ કાંઈ પણ કરવા તૈયાર હોય, જ્યાં આત્મિયતા હોય ત્યાં ક્યારેય કંટાળો ન હોય, જ્યાં અંતરના ભાવ હોય ત્યાં ક્યારેય થાક ન હોય.

કોઈ પણ વ્યક્તિ જ્યારે 'સેવા' કરવાના ભાવ કરે છે, સેવાનું લક્ષ્ય સેવે છે, સેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને બે વસ્તુ કરવી પડે છે :

એક તો સ્વાર્થ છોડવો પડે છે, અને બીજું સમયનો ભોગ આપવો પડે છે. માટે જ, સેવાના ક્ષેત્રમાં સંપતિના દાન કરતાં સમય અને શ્રમના દાનનું મહત્ત્વ વધારે બતાવ્યું છે.

એક વ્યક્તિ એક દિવસના પાંચ કરોડ રૂપિયા કમાઈ શકે, પણ શું પાંચ કરોડ રૂપિયા આપવાથી એક દિવસ પાછો મળી શકે ? ના ! !

**સંપતિ આપીને સેવા કરવી એ સારી વાત છે, પણ સમય આપીને સેવા કરવી શ્રેષ્ઠ છે.**

**'સેવા', બે અક્ષરના આ નાનકડા શબ્દમાં મોક્ષની પ્રાપ્તિ કરાવવાની વિરાટ ક્ષમતા સમાયેલી છે.**

સેવા સમ્યૂક હોવી જોઈએ, સેવામાં સ્વાર્થ ન હોવો જોઈએ. સેવા હંમેશા સફળ જ હોય છે એટલે સેવા કરીને ક્યારેય ફળની આશા રાખવી ન જોઈએ.

**સેવા અનેક પ્રકારે કરી શકાય છે :**

સેવા અનેક રીતે કરી શકાય છે, સેવા અનેક ક્ષેત્રોમાં કરી શકાય છે. સેવા ઘરમાં પણ કરી શકાય અને સેવા બહાર પણ કરી શકાય. સેવા તનથી કરી શકાય, મનથી કરી શકાય, ધનથી કરી શકાય. સેવા મન, વચન અને કાયાથી કરી શકાય. સેવા આત્માથી કરી શકાય. સેવા દિલથી કરી શકાય, સેવા ભાવથી કરી શકાય, સેવા વાણી, વ્યવહાર અને વર્તનથી કરી શકાય. સેવા વિચારોથી કરી શકાય, સેવા સજેશન્સ્ આપીને કરી શકાય. સેવા કલા દ્વારા કરી શકાય.

સેવા નાનાની કરી શકાય. સેવા મોટાની કરી શકાય, સેવા રાજાની પણ કરી

શકાય અને રંકની પણ કરી શકાય સેવા સ્નેહી-સ્વજનોની કરી શકાય અને સેવા સાધર્મિકોની પણ કરી શકાય. સેવા મિત્રોની કરી શકાય અને સેવા મુમુક્ષુઓની પણ કરી શકાય. સેવા શાસનની કરી શકાય અને સેવા સાધુ-સંતોની પણ કરી શકાય. સેવા સદ્ગુરુની કરી શકાય અને સદ્ગુરુના મિશન્સની પણ કરી શકાય. સેવા પશુ-પક્ષીઓની કરી શકાય અને સેવા જીવજંતુઓની પણ કરી શકાય. સેવા પોતાનાની કરી શકાય અને સેવા પારકાની પણ કરી શકાય. સેવા સજીવની કરી શકાય અને સેવા અજીવની પણ કરી શકાય. (અજીવ પ્રત્યેનો વિવેક રાખવો એ અજીવની સેવા કહેવાય). સેવા ‘પર’ ની કરી શકાય અને સેવા ‘સ્વ’ ની પણ કરી શકાય. સેવા સંઘની કરી શકાય અને સેવા સમાજની પણ કરી શકાય. સેવા રાજયની કરી શકાય અને સેવા રાષ્ટ્રની પણ કરી શકાય.



**સેવા કરીને પ્રશંસાની આશા ન રખાય.**



# સેવાનુ મૂલ્ય સેવા અમૂલ્ય

# સેવાનું મૂલ્ય સેવા અમૂલ્ય 5

જેમ સેવાનું મહત્ત્વ અનેકગણુ છે, તેમ સેવાથી થતાં ફાયદા પણ અનેક છે. સેવા સદાય સફળ જ હોય અને સેવાના ફળ પણ મીઠાં મધુરાં હોય.

**સેવા એક એવો ગુણ છે, જે અનેક સદ્‌ગુણોને પ્રગટાવે છે.**

જેમ જેમ સેવાભાવ વધતો જાય, તેમ તેમ સદ્‌ગુણો પ્રગટતાં જાય.

જેમ જેમ સેવા વધતી જાય, તેમ તેમ હ્રદયનું પરિવર્તન, ભાવોનું પરિવર્તન, વિચારોનું પરિવર્તન અને જીવનનું પરિવર્તન થતું જાય આ બધાં પરિવર્તન અંતે જીવનું પરિવર્તન કરાવનારા પ્રેરક બળ બની જાય. જીવનું પરિવર્તન એટલે અનાદિ અનંતકાળની વૃત્તિનું સંસ્કારોનું પરિવર્તન !!

સેવા કરવાથી દેખાવની દ્દષ્ટિએ કદાચ કાંઈ મળતું નથી એમ લાગે પણ સેવા કર્યા પછીનો સંતોષ, આત્મ તૃપ્તિ અને આનંદની અનુભૂતિ કંઈક અલગ જ હોય છે. દ્રવ્ય પ્રાપ્તિ કરતાં ભાવ પ્રાપ્તિનું મૂલ્ય અનેકગણું હોય છે.

## સેવાથી જ્ઞાનનું પાચન...

પહેલાંનો એક યુગ હતો, જ્યારે લોકો પોતાના બાળકોને આશ્રમમાં ભણવા મોકલતાં હતાં. આશ્રમમાં એમને સવારના ઊઠીને પહેલાં આશ્રમનું કામ કરવાનું હોય, આશ્રમની સફાઈ કરવાની હોય, પછી ગુરુની સેવા કરવાની હોય અને પછી જ ગુરુ એ બાળકોને જ્ઞાન આપે. પછી એ રાજકુમાર કૃષ્ણ હોય કે સામાન્ય બ્રાહ્મણનો દીકરો સુદામા હોય ! સેવા તો બધાંએ સરખી જ કરવાની હોય !

સેવા કાર્ય પછી જે જ્ઞાન પ્રાપ્ત થાય તે બરાબર અંતરમાં ઉતરે અને એનું યોગ્ય પાચન પણ થાય ! સેવા વગરનું જ્ઞાન માત્ર બુધ્ધિને વધારે છે, એ પચતું નથી, એટલે ઉપયોગમાં આવતું નથી. સેવા વગરની કોઈ પણ પ્રાપ્તિ એટલે કે મૂલ્ય ચૂકવ્યા વિનાની કોઈ પણ પ્રાપ્તિનું કોઈ મૂલ્ય હોતું નથી. મફતમાં મળેલી વસ્તુની ક્યારેય કોઈ કિંમત હોતી નથી.

**સેવા સાથેના જ્ઞાનનું પાચન થાય છે,**

**જ્યારે સેવા વિનાનું જ્ઞાન અપચો કરાવે છે.**

**કેમકે સેવાથી અહંકાર ઘટે છે. અહં શુન્ય થવાય છે. અહંકાર શૂન્ય થયા પછીનું જ્ઞાન જીવનમાં પચે છે.**

## સેવાથી પ્રગટે સહનશીલતા...

જે સેવા કરતાં હોય, જે કામ કરતાં હોય, તેમને સહન કરવાનું પણ સૌથી વધારે આવે. જે દોડતાં હોય એના જ પગમાં કાંટો વાગે. જે કામ કરતાં હોય, એનાથી

ક્યારેક ભૂલ પણ થાય ત્યારે ગુસ્સો અને ઠપકો પણ સાંભળવો પડે, ક્યારેક કોઈ ઈર્ષ્યાળુ વ્યક્તિની કપટતાનો ભોગ પણ બનવું પડે, તો ક્યારેક અપમાન પણ સહન કરવું પડે. જે વ્યક્તિ સેવા કરતી હોય, તે સમર્પિત હોય અને સમર્પિત હોય એટલે એ તે સમયે મૌન રહે. એનું મૌન જ એના સહનશીલતાના ગુણને પ્રગટાવે છે.

**જે આજે સહન કરે છે તેને અનંતકાળ સાનુકૂળતા મળે છે.**

## સેવા કરે વિઝનને કલીયર...

સેવા કરવાથી વ્યક્તિમાં 'સુઝ' આવે છે, એનું વિઝન કલીયર થાય છે, એને ક્યારે, ક્યાં શું કરવું જોઈએ, તેની સમજ પ્રાપ્ત થઈ જાય છે. તેને ખબર પડી જાય છે કે ક્યારે શું બનશે અને ક્યારે શેની જરૂર પડશે અને આ સમજના કારણે એનાં કાર્યો પણ એડવાન્સમાં થતાં હોય છે એટલે શાંતિથી થતાં હોય છે.

સેવા કરનાર વ્યક્તિની બુધ્ધિ શાર્પ થાય છે જેને જૈન દર્શનના આગમ ગ્રંથની ભાષામાં 'ઔત્પાતિક બુધ્ધિ' કહે છે. આ બુધ્ધિના કારણે એને યથા સમયે, યથા યોગ્ય સુઝી આવે છે, તેને સમયે સમયે એક વિઝન મળી જાય છે.

ઘણા લોકો એવા હોય છે, એને જેટલું કામ બતાવો એટલું બધું જ કામ કરી દે. દસ કામ બતાવો તો દસે દસ કામ કરી દે, પણ એક પણ કામ પોતાના વિઝનથી, પોતાની બુધ્ધિથી ન કરી શકે અને ઘણા એવા હોય જેને એક ઈશારો પણ ઈનફ હોય. એક કામ કહો અને બાકીના નવ પોતાની જાતે જ કરી આવે.

**જેનામાં સેવાની ભાવના હોય, તેનામાં હૈયા સુઝ હોય.**

જેનામાં સેવાની ભાવના ન હોય, તેનામાં કોઈ સુઝ ન હોય.

## સેવાથી અંતર પ્રસન્નતા...

સેવા તન-મનને પ્રફુલ્લિત કરે છે. સેવા આંતરિક પ્રસન્નતાને ખીલવે છે. જેટલાં પણ લોકોને જીવન નિરસ લાગતા હોય, જેમના ચહેરાં મૂડલેસ રહેતાં હોય, જેમનું મન બેચેન રહેતું હોય, તે બધાં જો ગુરુ કે પરમાત્માની સેવાના સત્કાર્યમાં જોડાય જાય, સદ્ગુરુના માધ્યમથી ચાલતાં પરમાત્માના મિશન્સ્માં જોડાય જાય તો તેમનું જીવન રસપ્રદ બની જાય, તેમના ચહેરા પ્રસન્નતાથી ખીલી જાય, તેમનું મન પ્રફુલ્લિત થઈ જાય. તેમને જીવન જીવવાનું એક લક્ષ્ય મળી જાય. તેમનું જીવન ચેતનવંતુ બની જાય.

સેવા કરવાથી જે આત્મ સંતોષ, જે આત્મ આનંદ મળે છે, તે દુનિયાના કોઈ પણ પદાર્થ કે દુનિયાની કોઈ પણ વ્યક્તિના પ્રેમ કે લાગણીમાંથી નથી મળતા. સેવા કરવાથી અંતર જે પ્રસન્નતાની અનુભૂતિ કરે છે, એવી પ્રસન્નતા ‘સેવા’ સિવાય ક્યાંયથી ન મળે.

## સેવાનું ફળ ક્ષણમાં...

પરમાત્મા કહે છે,

**સત્ સાંનિધ્ય સો વર્ષો ફળે છે, પણ નિ:સ્વાર્થ અને નિષ્કામ ભાવે કરેલી સેવા સો ક્ષણમાં પણ ફળી શકે છે.**

અર્થાત્, પરમાત્મા કે સદ્‌ગુરુના સાંનિધ્ય કરતાં પણ સેવાનું મહત્ત્વ વિશેષ રહેલું છે.

સો વર્ષના સાંનિધ્ય પછી જે પ્રાપ્તિ થાય છે, તેના કરતાં પણ વધારે પ્રાપ્તિ એક ક્ષણની નિ:સ્વાર્થ સેવાથી થાય છે. માનો કે, કોઈ વ્યક્તિ સો વર્ષ સુધી ગુરુના સાંનિધ્યમાં રહીને ભણતો જ રહે, ભણતો જ રહે અને એને જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય તેના કરતાં એક વ્યક્તિ સાચા હૃદયથી, ભક્તિ ભાવથી સેવા કરે તો તેને અલ્પ સમયમાં જ અધિક જ્ઞાન પ્રાપ્ત થઈ જાય, તેની ક્ષમતા સો ગણી વધી જાય.

સેવા કરનાર વ્યક્તિને ગુરુ દૃષ્ટિ દ્વારા એવી કૃપા વરસાવે કે જ્ઞાનની બધી જ ફાઈલ તેનામાં ટ્રાન્સફર થઈ જાય. જ્ઞાનના એક એક રહસ્યોને તે સહજતાથી ઉકેલી શકે, ભણ્યા વિના પણ તે ભણાવી શકે, તેવી ક્ષમતા પ્રાપ્ત થઈ જાય.

અરે ! સો વર્ષ સુધી દરરોજ ઉપાશ્રયમાં કે ધર્મ સ્થાનકમાં આવીને સંત-સતીજીઓના વ્યાખ્યાન સાંભળીને પણ જે પ્રાપ્ત ન થાય તે પ્રાપ્તિ સેવા કરનાર વ્યક્તિને ગુરુની ક્ષણભરની કૃપાદૃષ્ટિથી પ્રાપ્ત થઈ જાય.

**ગુરુની કૃપા દૃષ્ટિ સેવાભાવી વ્યક્તિમાં આંતરિક શક્તિને અને આંતરિક ગુણોને પ્રગટ કરવાનું કાર્ય કરે છે.**

ગુરુની નજર સમક્ષ રહીને જે વ્યક્તિઓ સેવા કરે છે, તેના કરતાં ગુરુથી દૂર રહીને જે વ્યક્તિ સેવા કરે છે તે વધુ પામે છે, અનંતગણુ પામે છે. એનામાં એક એવી ગજબની ક્ષમતા આવી જાય છે કે, ગુરુ હજુ બોલે કે વિચારે તે પહેલાં જ તે સમજી જાય અને એકશનમાં પણ લાવી દે.

ગુરુ પાસે રહીને સેવા કરનારને સતત ગુરુની દૃષ્ટિ, ગુરુનું સાંનિધ્ય અને ગુરુના પ્રત્યક્ષ દર્શન મળે, જ્યારે દૂર રહીને સેવા કરનાર વ્યક્તિને ગુરુના પોઝીટીવ

વાઈબ્રેશન્સ મળે જેમાં ગુરુનો પ્રેમ, ગુરુની પ્રજ્ઞા અને ગુરુની પ્રેરણા સમાયેલાં હોય. દૂર રહીને સેવા કરનાર વ્યક્તિ ગુરુના આત્મિક ભાવોનો અનુભવ કરી શકે છે અને એ અનુભવમાંથી જ પ્રેરણા મેળવી શકે છે. ગુરુની પાસે રહેનાર વ્યક્તિને સેવા કર્યા પછી ગુરુના સ્મિતની, ગુરુની પ્રશંસક દૃષ્ટિની આશા હોય, અપેક્ષા હોય એટલે કંઈક અંશે એમની સેવામાં સ્વાર્થ ભળી જતો હોય, જ્યારે દૂર રહીને સેવા કરનારને ન કોઈ આશા હોય, ન કોઈ અપેક્ષા હોય, માત્ર એક જ ભાવ હોય, મારે મારા ગુરુની સેવા કરવી છે અને મને મારા ગુરુની સેવા કરવાની તક મળી એ જ મારા સૌથી મોટા સદ્‌ભાગ્ય છે.

**સેવા કરવાનું સૌભાગ્ય એને જ મળે છે,**

**જેના અનંતા પુણ્યનો ઉદય હોય અને**

**જેના અનંતા પાપોનો ક્ષય થયો હોય.**

**સેવા કરવાથી જ્ઞાના વરણીય કર્મોનો ક્ષય થાય છે અને પ્રજ્ઞાનું પ્રાગટય થાય છે.**

## સેવા અમૂલ્ય...

જ્યારે કોઈ વ્યક્તિ રૂપિયાનું ડોનેશન આપે, સંપતિના દાન રૂપ સેવા કરે ત્યારે તેનું એક 'મૂલ્ય' હોય, કે આ વ્યક્તિએ હજાર, લાખ કે કરોડ રૂપિયા સેવાના સત્કાર્ય માટે આપ્યાં કે વાપર્યાં, પણ જ્યારે વ્યક્તિ પોતાના સમયનું ડોનેશન આપે છે, સમયનું દાન આપે છે, સમયનો ભોગ આપે છે ત્યારે તે 'અમૂલ્ય' હોય છે. કેમકે રૂપિયા તો વ્યક્તિ પાછા કમાઈ શકે છે પણ દુનિયાની દોલત ખર્ચવાથી પણ વિતી

ગયેલો સમય પાછો મેળવી શક્તાં નથી.

**સેવાનું આટલું મહત્ત્વ રહેલું છે, માટે જ સેવા 'અમૂલ્ય' છે.**

સદ્ગુરુના દર્શન કરવા, સદ્ગુરુનું સાંનિધ્ય માણવું સારૂં છે, પણ દર્શન અને સાંનિધ્ય પહેલાં જો અર્ધો કલાક કે કલાક સેવા કરીને આવો તો દર્શન અને સાંનિધ્યની પ્રાપ્તિનો અહેસાસ જ અલગ હશે, એ સંતોષ... એ તૃપ્તિનો અનુભવ જ કંઈક અલગ હશે.

કદાચ માનો કે, સેવાના કારણે વ્યાખ્યાન સાંભળવા માટે સમય ન મળ્યો, નો પ્રોબ્લેમ! પોણો કલાકની સેવા પછી કદાચ માત્ર છેલ્લી દસ-પંદર મિનિટ જ વ્યાખ્યાન સાંભળ્યું, છતાં પણ તમને એ પંદર મિનિટમાં આખા વ્યાખ્યાનનો સાર અને સત્વ સમજાય જશે. એના એક એક વાક્ય અંતરમાં ઉતરી જશે અને અંતર પરિવર્તનમાં સહાયક બની જશે.

## સેવા પરમ મોક્ષનું કારણ...

જે લોકોને જ્ઞાનના વિષયમાં કાંઈ વધારે આવડતું નથી, વધારે કોઈ સમજ નથી, શાસ્ત્રોનો કોઈ અભ્યાસ નથી, પણ જે દિલથી સેવા કરે છે તે પાર પામી જાય છે.

સેવામાં કાંઈ મળવાનું નથી, છતાં ઘણું બધું મળી જાય છે. જેમાં કાંઈક કરીને કાંઈક મેળવવાનું હોય એને લેવડ-દેવડ કહેવાય, એને બિઝનેસ કહેવાય. સેવામાં તો માત્ર આપવાનું જ હોય, મને કંઈક મળશે એવી કોઈ આશા ન હોય કે ન હોય કોઈ અપેક્ષા! મારે કાંઈ જોઈતું નથી, મારે તો માત્ર ને માત્ર મારા ગુરુદેવની સેવા જ કરવી છે, પરમાત્માની સેવા કરવી છે, પરમાત્માનું કાર્ય કરનારને સહાય કરવી છે

અને એમની આજ્ઞાનું પાલન કરવું છે. ગુરુ-પરમાત્માની સેવા કરવાની તક મળી એ જ મારા માટે પરમ સૌભાગ્યની પળ છે.

## સેવા આત્મજ્ઞાનનું કારણ

સેવા એવી વસ્તુ છે, જે કરીએ ત્યારે કદાચ એનું ફળ ન દેખાય પણ સેવા સદાય સ-ફળ જ હોય, સેવા ફળ વગરની હોય એવું બને જ નહીં. સેવા આપણી સાધનાને સફળ કરે છે, સેવા આપણા ભવને સફળ કરે છે. સેવા એક સ્થાન અપાવે છે. સેવા પદની પ્રાપ્તિ કરાવે છે. સેવા આપણી અંદર એક નિઃસ્વાર્થ પ્રેમનો અનુભવ કરાવે છે, અને જેનામાં નિઃસ્વાર્થ પ્રેમ હોય તે વ્યક્તિ દરેક સ્થાને સફળ જ હોય. સેવા દસે ક્ષેત્રમાં સફળતા અપાવે છે. જેટલાં પણ સફળ વ્યક્તિઓ છે એમની લાઈફમાં નજર કરીશું તો સમજાશે એમણે ક્યાંય ને ક્યાંય, કોઈની તો સેવા કરી જ છે, પછી એ ગુરુની હોય કે સંતની હોય, માતા-પિતાની હોય કે વડીલોની, કુટુંબની હોય કે સમાજની ! !

સેવા વિના ક્યારેય પદની પ્રાપ્તિ થાય જ નહીં. પછી એ પદ તીર્થંકરનું હોય કે માલિક યા શેઠનું હોય કે પછી મેનેજરનું હોય !

**સેવા જ મોક્ષનું કારણ છે અને સેવા જ સુખનું કારણ છે.**

સહુના જીવનમાં સેવાનો સંયોગ આવે એ જ શુભ ભાવના ! !


સેવા
સેવા
સેવા
સેવા
સેવા
સેવા જ મોક્ષનું કારણ છે અને સેવા જ સુખનું કારણ છે.
સેવા


॥ તસ્સેસમગ્ગો ગુરુ વિદ્ધ સેવા ॥

# તસ્સેસમગ્ગો ગુરુ વિદ્ધ સેવા 6

એકાંત સુખ માટે, મોક્ષ માર્ગે પ્રયાણ કરવા માટે 'જ્ઞાન' અત્યંત જરૂરી છે.

જ્ઞાન પ્રાપ્તિનો ઉપાય શું ? આત્મ જ્ઞાનનો માર્ગ શું ?

તીર્થંકર પરમાત્માએ મોક્ષમાં જતાં જતાં, જગતના જીવોને મોક્ષનો માર્ગ બતાવવા, એમની અંતિમ દેશનામાં જણાવ્યું કે,

।। તસ્સેસમગ્ગો ગુરુ વિદ્ધ સેવા ।।

**મોક્ષનો માર્ગ એ ગુરુની 'સેવા' છે.**

જેમણે જ્ઞાન પ્રાગ્ટય થયું છે, જેમને જ્ઞાનની અનુભૂતિ છે, એવા અનુભવી જ્ઞાનીની સેવા કરવાથી સંસાર પરિભ્રમણથી મુક્તિ મળે છે.

અનાદિકાળના પરિભ્રમણનું કારણ છે રોંગ આઈડેન્ટીટી અને રોંગ આઈડેન્ટીટીમાંથી બહાર નીકળવાનો ઉપાય છે ગુરુની સેવા ! જેમની પાસે રાઈટ

આઈડેન્ટીટી છે, એવા જ્ઞાની અને અનુભવી ગુરુની તનથી, મનથી, વચનથી, ભાવથી, ભક્તિથી અને આત્માથી સેવા કરનાર મોક્ષને પાત્રવાન બને છે.

'સેવા' એટલે હાથ-પગ દબાવવા, ગૌચરી-પાણી લાવવા એ નહીં, એ તો એક ક્રિયા છે, વ્યવહાર છે. સેવા એટલે ગુરુની આજ્ઞાનું પાલન કરવું, ગુરુ સમક્ષ બુધ્ધિથી મુક્ત અને વિકલ્પોથી રહિત રહેવું, મોહ જગાડનાર વ્યક્તિઓથી દૂર રહેવું, મિથ્યાત્વનો ત્યાગ કરવો, ગુરુ આજ્ઞાની અભિવ્યક્તિ કરે તે પહેલાં જ તેનો અમલ કરવો. ગુરુને જે ગમે તે જ મને ગમે અને તે જ મારે કરવું, ગુરુની ઈચ્છા એ જ મારી ઈચ્છા, એમના ભાવ એ જ મારા ભાવ, હવે મારૂં, મારૂં કાંઈ જ નથી, જે છે તે એમનું જ છે.

**'સેવા' એટલે સ્વયંના અસ્તિત્વનું વિસર્જન કરવું.**

**સેવા ક્યારે થાય ?**

જ્યારે તમારી રોંગ આઈડેન્ટીટીનું મૃત્યુ થાય ત્યારે 'સેવા' શરૂ થાય અને જ્યારે સેવા શરૂ થાય ત્યારે રોંગ આઈડેન્ટીટીનું મૃત્યુ થવા લાગે.

'ગુરુદેવ' હોઠથી બોલવું અલગ હોય છે અને 'ગુરુદેવ' બોલતાં જ હૃદયનું સ્પંદિત થવું એ અલગ અહેસાસ હોય છે. એ અહેસાસ ક્યારે થાય ? ? જેમ નદી સાગરમાં ભળી જાય એમ પોતાનું અસ્તિત્વ ગુરુના અસ્તિત્વમાં ઓગળી જાય ત્યારે ! !

ગુરુ સ્વીકાર્યા પછી ગુરુ સેવા એ જ્ઞાન પ્રાગટ્યનો શ્રેષ્ઠ ઉપાય છે અને એ જ મોક્ષનો સહજ માર્ગ છે.

# સેવા... સમર્પણનો શ્વાસ

જો શ્વાસ ન હોય તો શરીરની વેલ્યુ શું હોય ? શ્વાસ વિનાનું શરીર એટલે ડેડબોડી... અને ડેડબોડીની કોઈ વેલ્યુ ન હોય, એને તો બાળવાનું હોય !

એમ ‘સેવા’ વિનાની સમર્પણતાનું પણ કોઈ મૂલ્ય ન હોય !

સમર્પણતાનું શરીર તો છે પણ એમાં જો સેવાનો ‘શ્વાસ’ નથી તો એ સમર્પણતા ડેડબોડી જેવી જ છે.

ડેડબોડીને ઘરમાં રખાય કે એની સ્મશાન યાત્રા હોય ? ?

તો સેવા વિનાની સમર્પણતાને શું કરાય ? ?



સેવામાં જ્યારે ઈગો શૂન્ય બની જાય છે,
ત્યારે સેવા ‘સ્વ’ બની જાય છે.



# સેવાથી સાધના સમૃધ્ધ

# સેવાથી સાધના સમૃધ્ધ 7

**ધર્મની શરૂઆત સાધનાથી થાય કે સેવાથી ?**

જ્યાં સુધી ધર્મ ક્ષેત્રમાં આવીને સેવા ન કરો, ત્યાં સુધી તમે ધર્મ ક્ષેત્રમાંથી લઈ જાવ છો, પણ આપતાં નથી એટલે એ સ્વાર્થ જ કહેવાય.

માનો કે, તમે એક ગાય લાવો છો, રોજ તેની પાસેથી દૂધ મેળવો છો પણ સામે તેને કાંઈ જ ખાવાનું આપતા નથી, તો ગાય કેટલાં દિવસ દૂધ આપશે ? કદાચ બે-ચાર દિવસ, પછી ? ? પછી ગાય દૂધ આપવાનું જ બંધ કરી દેશે.

**સ્વાર્થ એટલે શું ? ?**

હું માળા કરીશ તો મારૂં મન શાંત થઈ જશે, હું સામાયિક કરીશ તો મને સદ્‌ગતિ મળશે, હું પ્રતિક્રમણ કરીશ તો મારા પાપ ધોવાય જશે, હું ઉપવાસ કરીશ તો મારા કર્મોની નિર્જરા થશે.

મોટા ભાગે ધર્મ ક્ષેત્રમાં આવનારી વ્યક્તિનું ધર્મ કરવા પાછળનું લક્ષ્ય આ જ હોય છે અને આ બધું ક્ર્યાં પછી પણ ભાવ તો એ જ હોય મારા આત્માનું સારૂં થાય અને

મને મોક્ષ મળે.

**જેમાં પોતાનું 'સારૂં' થાય એ ભાવ હોય એને સ્વાર્થ કહેવાય.**

આપણી આ સ્વાર્થ વૃત્તિની આપણને એક આદત પડી ગઈ છે. કાંઈ પણ કરો, પહેલો વિચાર આવશે મને આમાંથી શું મળશે ? આમ કરીશ તો મને શું લાભ થશે ?

સ્વાર્થ.. સ્વાર્થ અને માત્ર સ્વાર્થ !! સ્વાર્થને ઘટાડવા શું કરવું જોઈએ ? સ્વાર્થનું મારણ શું હોય ? ?

**સ્વાર્થનું મારણ છે સેવા !**

સંસારમાં સ્વાર્થ કદાચ સો પાપનું કારણ હોય, પણ ધર્મમાં સ્વાર્થ તો લાખો પાપોનું કારણ હોય છે, એટલે ધર્મક્ષેત્રમાં ધર્મ કરતાં પહેલાં, સાધનાની શરૂઆત કરતાં પહેલાં 'સેવા' કરવી જાઈએ.

**જેમ જેમ સેવા વધતી જાય, તેમ તેમ સ્વાર્થ ઘટતો જાય.**

જ્યાં સુધી સ્વાર્થ હોય, ત્યાં સુધી ધર્મથી સુખ ન હોય. ધર્મની સાધનામાં જ્યારે સેવા ભળે છે ત્યારે કર્મોની નિર્જરા થાય છે અને જ્યાં સુધી સ્વાર્થ ભળેલો હોય છે ત્યાં સુધી માત્ર પુણ્યની પ્રાપ્તિ થાય છે.

ચેક કરો... તમે તમારા સેલ્ફને... ચિંતન કરો...

વર્ષોથી ધર્મ કરો છો, સાધના-આરાધના કરો છો, તો તમને કેટલું સુખ મળ્યું ? કેટલી શાંતિ મળી ? કેટલાં પ્રોબ્લેમ્સ સોલ્વ થયાં ? કેટલી સમાધિ મળી ? ?

યાદ કરો... વિચાર કરો... કોઈ જવાબ નહીં મળે.

કેમકે, ધર્મ કર્યો છે પણ જાણે, અજાણે એમાં સ્વાર્થ ભળી ગયો છે. એટલે પુણ્ય બંધ થાય છે પણ કર્મોનો ક્ષય નથી થતો અને જ્યાં સુધી કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી સમ્યક્ સુખ કે શાંતિ ન મળે. કર્મોનો ક્ષય થાય એટલે લક ગુડલક બની જાય અને જ્યાં ગુડલક હોય ત્યાં પ્રોબ્લેમ ક્યાંથી હોય ? ?

માત્ર સંપતિનું દાન આપવું એ સેવા નથી. તમારી પાસે જે કાંઈ હોય, તમારો સમય, તમારી શક્તિ, તમારી આવડત, તમારી સલાહ, તમારી કલા, એનો ઉપયોગ ધર્મ ક્ષેત્રમાં કરો, પરમાત્માના કાર્યમાં કરો, પરમાત્માના મિશન્સમાં કરો, એ 'સેવા' છે.

**પોતાની સમજનો ઉપયોગ કરવો એ પણ સેવા છે.**

સેવા કરીને ક્યારેય સેવાનો શો કે સેવાનું પ્રદર્શન ન કરાય. સેવાનો એક અનુભવ કરી જો જો.. તમારા સ્વભાવમાં પરિવર્તન આવી જશે, તમારો અહમ્ અને ગુસ્સો ઘટવા લાગશે. તમારી અંદરથી શુભ ઓરાનો સ્ત્રોત વહેવા લાગશે. તમારી આસપાસ પ્રેમમય, પ્રિતિમય વાતાવરણ સર્જાય જશે.

ઘણા કહેતાં હોય છે કે અમને ખબર છે ગુસ્સો ન કરાય, ગુસ્સો ખરાબ છે પણ શું થાય ગુસ્સો આવી જ જાય છે કાંઈ ફરક પડતો નથી.

એક પ્રયત્ન સેવાનો કરી જુઓ, કોઈ એકાદ મિશનમાં જોડાય જાવ, ફરક લાવવો નહીં પડે, ફરક આવી જશે. ગુસ્સો ઘટાડવો નહીં પડે, ગુસ્સો ગાયબ જ થઈ જશે.

**સેવા કરવામાં શું કરવું પડે ?**

સેવા કરવામાં મનને મારવું પડે, સેવા કરવામાં ઈચ્છાઓનું મૃત્યુ કરવું પડે, સેવા

કરવામાં સ્વાર્થને છોડવો પડે, સેવા કરવામાં મોજશોખને ભૂલવા પડે.

સેવા કરીને શ્રેષ્ઠ એવા શાશ્વત સુખને પામવું હોય તો આવી સામાન્ય વસ્તુઓને છોડતાં વાર કેટલી ? ? આવું સામાન્ય છોડીને સર્વ શ્રેષ્ઠ મળતું હોય તો વિચાર શું કરવાનો ? ?

એક પ્રયોગ કરી જુઓ...

**જેમ જેમ સેવા વધતી જશે, તેમ તેમ પ્રકૃષ્ટ શાતા વેદનીય કર્મનો બંધ થતો જશે.**

જે વ્યકિત નિઃસ્વાર્થ સેવા કરતાં હોય, તે ભાગ્યે જ બીમાર પડતા હોય. જે વ્યક્તિ સેવા કરીને પણ વારંવાર બીમાર પડતાં હોય તો સમજવું સેવામાં કંઈક કચાશ છે, સેવામાં ક્યાંક સ્વાર્થ ભળી ગયો છે. સેવા કર્યા વિનાની સાધનાને સ્વાર્થ કહેવાય અને એમાં માત્ર સ્વયંના જ લાભની વાત હોય. જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાત્મા ક્યારેય ન હોય ! સંસારનું ક્ષેત્ર તો સ્વાર્થનું ક્ષેત્ર છે જ.. પણ ધર્મના ક્ષેત્રમાં પણ સ્વાર્થ ? ? સંસારના પાપ તો ધર્મક્ષેત્રમાં આવીને ધોવાય. પણ ધર્મ ક્ષેત્રના પાપ ધોવા ક્યાં જવાનું ? ?

**ધર્મમાં સ્વાર્થ ન ભેળવવો હોય તો 'સેવા' કરો ! !**

સેવા તમારી સાધનાને સાર્થક અને સફળ બનાવશે. પરમાત્માના સ્થાનકમાંથી કંઈક મેળવો છો તો પરમાત્મા માટે 'સેવા' દ્વારા કંઈક આપો. પરમાત્માનો ધર્મ પામીને કેટલીય હિંસા અને કેટલાંય પાપથી બચી રહ્યાં છો, કેટલાય પુણ્યનો સ્ટોક જમા કરી રહ્યાં છો તો પરમાત્મા માટે શું કરો છો ? ?

પરમાત્માનો ઉપકાર વ્યક્ત કરવા માટે છે સેવા ! પરમાત્માનું ઋણ ચૂકવવા માટે છે સેવા ! પરમાત્મા માટે કંઈક કરવા માટે છે સેવા ! !

સેવાની અનુભૂતિ જ અનન્ય હોય છે ! એકવાર અનુભવ કરી જુઓ ! ! છેલ્લા શ્વાસ સુધી સેવા છોડવાનું મન નહીં થાય ! !




# સેવા અપાવે સિધ્ધિ..

# સેવા અપાવે સિધ્ધિ.. 8

**મહાવીર બન્યાં તીર્થંકર પરમાત્મા...**

એક પણ સિધ્ધિ... એક પણ પદ પછી એ તીર્થંકર પરમાત્માનું હોય કે ગણધરનું, આચાર્યનું હોય કે ઉપાધ્યાયનું, સદ્‌ગુરુનું હોય કે સાધુ-સાધ્વીજીનું, પ્રધાન મંત્રીનું હોય કે ઈન્ડસ્ટ્રીના માલિકનું ક્યારેય સેવા વિના પ્રાપ્ત થાય જ નહીં. એક પણ સિધ્ધિ કે એક પણ લબ્ધિ સેવા વિના ઉપલબ્ધ થાય જ નહીં.

**નિ:સ્વાર્થ સેવા જ્યારે શ્વાસ બને છે, ત્યારે સિધ્ધિ સહજ બને છે.**

મહાવીર... ભગવાન મહાવીર કેવી રીતે બન્યાં ? ? મહાવીરને તીર્થંકરનું પદ કેવી રીતે પ્રાપ્ત થયું ? ?

મહાવીરનો એ ભવ... નયસાર સુથારનો ભવ અને એમાં લીધેલો એક નાનકડો નિયમ... સેવા ભાવનાનો નિયમ.

**'જમાડયા વગર મારે જમવું નથી.'**

નિયમ વિશે એને વધારે કોઈ સમજ હતી નહીં. 'બીજાને જમાડયાં વગર પેટમાં અન્નનો દાણો નાંખવો એ યોગ્ય ન કહેવાય.' એ શબ્દો એના કાનમાં અને હ્રદયમાં ફીટ થઈ ગયાં હતાં એટલે એ રોજ જમાડીને જ જમતો. એને માત્ર જમાડવાના ભાવ હતાં. એક નાનકડી સેવાના ભાવ હતાં. જમાડયાં પછી એને બદલામાં કાંઈ મેળવવાની કોઈ આશા કે અપેક્ષા ન હતી અને એ જ એની નિઃસ્વાર્થતા હતી એ રોજ કોઈને ને કોઈને જમાડતો, પછી એ પથિક હોય કે અતિથી હોય, પોતાની જ્ઞાતિના હોય કે પરજ્ઞાતિના કે પછી કોઈ અજાણી વ્યક્તિ હોય. રોજ રોજના નિયમમાં એક દિવસ એને જંગલમાં મુનિનો યોગ થઈ ગયો. સંતને વ્હોરાવવાનો સંયોગ થઈ ગયો. સંયોગ શું થયો, સમ્યગ્ દર્શન થઈ ગયું ! ! તીર્થંકર પણાનું બીજ વવાઈ ગયું.

**આજે નિઃસ્વાર્થ ભાવે મુનિને વ્હોરાવ્યું અને ભવિષ્યમાં બની ગયાં તીર્થંકર પરમાત્મા... ભગવાન મહાવીર સ્વામી ! !**

એ કઠિયારાને કોઈ શાલીભદ્રની કથાની ખબર ન હતી કે, સંતને વ્હોરાવીએ તો એવા ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય કે રોજ દેવલોકમાંથી નવ્વાણું પેટીઓ ઉતરે ! એને તો જમાડયા પછી આશીર્વાદની પણ આશા ન હતી.. બસ એક જ ભાવ.. નિયમનું પાલન અને સેવાની ભાવના !



જમાડયા વગર મારે જમવું નથી.



# સામાન્યથી સમર્થ

# 9 સામાન્યથી સમર્થ

નિષ્કામ સેવાથી પ્રજ્ઞાનું પ્રાગ્ટય થાય છે, સામાન્યમાંથી અસામાન્ય, સક્ષમ, સાક્ષર અને સમર્થ બનાય છે.

એક મહારાજ સાહેબ હતાં. એમને કાંઈ વાંચતા કે લખતાં આવડતું ન હતું. પણ મહાસતીજીઓના પ્રવચનો સાંભળતાં સાંભળતાં એમને દીક્ષાના ભાવ થઈ ગયાં હતાં અને દીક્ષા લીધી હતી. એમના ભાવ ઉત્કૃષ્ટ હતાં એટલે દીક્ષા માટે જે પ્રાથમિક આવશ્યક સામાયિક, પ્રતિક્રમણ આદિ જરૂરી હોય તે બધું એમને સંભળાવી સંભળાવીને શીખવી દીધું. દીક્ષાના નિયમો વિહાર, ગૌચરી, આદિ સમજાવી દીધું. સંયમ જીવનમાં દિવસો પસાર થવા લાગ્યાં. એક વર્ષ... બે વર્ષ અને અઢી વર્ષ થયાં ત્યાં એમના ગુરુની તબિયત ખરાબ થવા લાગી. એ સમયે તેઓ જ્યાં હતાં એ જ રાજસ્થાનના નાનકડા ગામડામાં રોકાઈ જવું પડયું.

નવદીક્ષિત મુનિ એમની સેવા કરે છે, એમના માટે ગૌચરી-પાણીની વ્યવસ્થા કરે છે, એમના વસ્ત્રો સાફ કરે છે અને એમાંથી સમય મળે ત્યારે સ્વયંની ધ્યાન સાધના

કરે છે.

સમય પસાર થાય છે... એક મહિનો... બે મહિના... એક વર્ષ... બે વર્ષ... ચાર વર્ષ... પાંચ વર્ષ... હવે શું થાય ? નાનકડું ગામડું... એ જ 70-80 જેટલાં જૈનોના ઘરો... એ જ લોકો... એ જ વાતાવરણ... એ જ સ્થિતિ અને એ જ પરિસ્થિતિ. કોઈ પણ વ્યક્તિ કંટાળી જાય.

માનો કે તમારા જ ઘરમાં કોઈ વડીલ દાદા-કે દાદી બીમાર થાય અને તમે એની સેવા કરતાં હો તો કેટલા દિવસ કરો ? બે દિવસ... ચાર દિવસ... અને આઠમે દિવસે તો નર્સ અને બાઈ રાખી લ્યો !

એક તરફ ગુરુની તબિયત દિવસે ને દિવસે વધારે બગડતી જાય છે, સ્વભાવ પણ ઉગ્ર અને ચિડીયો બનતો જાય છે, રાત-દિન અવિરત સેવા કરનાર શિષ્ય પ્રત્યે પણ ક્રોધ, આવેગ અને આક્રોશ કરે છે. નાદુરસ્ત તબિયતના કારણે લેવાતી ઔષધિઓ અને લાંબી બીમારીએ એમને અકળાવી દીધાં છે.

પણ... શિષ્ય !! શિષ્યના ચહેરા પર એક પણ અકળામણની રેખા આવતી ન હતી... હોઠ પર માત્ર બે-ત્રણ વાકયો જ આવતાં હતાં. **ગુરુદેવ ! મારી ભૂલ થઈ ગઈ, ગુરુદેવ ! મને માફ કરી ધ્યો અને ગુરુદેવ ! હવેથી ધ્યાન રાખીશ.**

સેવા એ એમના સહનશીલતાના ગુણને દઢ બનાવ્યો હતો. જે સહન કરે છે, એ જ સુખી થાય છે.

શિષ્ય એ સમભાવે સહન કરતાં કરતાં... નમ્રભાવે, વિનમ્રભાવે, નિઃસ્વાર્થ ભાવે... સેવા કરતાં કરતાં ચોત્રીસ વર્ષ પૂરા કર્યાં. સેવા કરતાં કરતાં પાત્રતાનો

વિકાસ ર્ક્યો અને પોતાની જાતને શૂન્ય બનાવવાનો પુરુષાર્થ ર્ક્યો. ચોંત્રીસ વર્ષે જ્યારે એમના ગુરુ કાળધર્મ પામ્યાં ત્યાર પછી એમણે પહેલીવાર એ ગામની બહાર પગ મૂક્યો.

ગુરુ પાસે આવ્યાં ત્યારે 19 વર્ષના હતાં, અત્યારે 53 વર્ષના થઈ ગયાં. આવ્યાં ત્યારે એકદમ અભણ અને નિરાક્ષર હતાં. એક અક્ષર વાંચતા લખતાં આવડતો ન હતો. ન હતો એમને આગમનો 'અ' આવડતો કે ન હતો આવડતો દીક્ષાનો 'દ' તો પછી કર્મની તો ખબર જ શું હોય ? ?

પણ અચાનક શું થયું ? આટલાં વર્ષો પછી શું ચમત્કાર થયો ? ? કોઈ પણ પુસ્તક હાથમાં લે, કોઈ પણ ગ્રંથ હાથમાં લે અને જ્યાં પાના ખોલે ત્યાં બધું જ જ્ઞાન થઈ જાય, બધું જ સમજાય જાય. જૈન આગમનો કોઈ પણ વિષય હોય કે અઘરામાં અઘરી ગાથા હોય, એમને માટે સહજ બની જાય.

અરે ! છેક બારમી સદીમાં આપણા જૈન ધર્મગુરુથી લખાણમાં જ્યાં જ્યાં ભૂલ રહી ગઈ હતી તે પણ એમણે સુધારી આપી ! ક્યાંથી આવડયું આ બધું ? સેવા કરવાથી ! !

**સેવા આપણા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરી નાંખે છે.**

એ આવ્યાં ત્યારે એમને અસ્થમાની બીમારી હતી પણ 34 વર્ષ સેવા કરી એમાં એ જીવ્યા ત્યાં સુધી એકવાર પણ અસ્થમાનો એટેક આવ્યો નથી. કેમ ?

**જે વ્યક્તિ સેવા કરે છે, એના અશાતા વેદનીય કર્મોનો ક્ષય થઈ જાય છે.**

34 વર્ષની સેવા પછી જયારે એ બહાર નીકળ્યાં ત્યારે એ સમગ્ર જૈન સમાજમાં સર્વ

શ્રેષ્ઠ જ્ઞાની પૂજનીય ખ્યાતિ પામ્યાં. સમસ્ત ભારતમાં સર્વ શ્રેષ્ઠ જ્ઞાની તરીકે પૂજાવા લાગ્યાં. આ સામાન્ય વાત છે કે અધરી વાત છે ? ?

જેમણે ખરેખર પોતાના આત્માનું કલ્યાણ સાધવું છે, જેને ખરેખર કંઈક પામવું છે, ખરેખર કંઈક પ્રાપ્ત કરવું છે તેણે પહેલાં પોતાનું લક્ષ્ય નક્કી કરવું પડશે અને લક્ષ્ય નક્કી કર્યા પછી એને સાર્થક કરવા 'સેવા' કરવી પડશે. કેમકે, સેવા વિના સિધ્ધિ શક્ય નથી. સેવા એ માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક વ્યક્તિનો જ અધિકાર નથી... સેવા કોઈ પણ કરી શકે છે.



સેવા સહનશીલતા નામના ગુણને પ્રગટાવે છે.

જેમણે ખરેખર પોતાના આત્માનું કલ્યાણ સાધવું છે,
તેણે પહેલાં પોતાનું લક્ષ્ય નક્કી કરવું પડશે અને
લક્ષ્ય નક્કી કર્યા પછી એને સાર્થક કરવા 'સેવા' કરવી પડશે.





# સહાય
## સેવાનો પ્રકાર..

# સહાય સેવાનો પ્રકાર.. 10

મહારાજા શ્રીકૃષ્ણનો સેવાનો ગુણ પણ એક ઉત્તમ દ્દષ્ટાંત છે.

એક સમયે શ્રીકૃષ્ણ મહારાજા એમના રસાલા સાથે રથમાં બેસી નગરચર્યા કરવા નીકળ્યાં હતાં. ધીમે ધીમે રથ આગળ વધી રહ્યો હતો, ત્યાં દૂરથી તેઓ એક વૃધ્ધને જુએ છે, જે એક એક ઈંટ માથા પર મૂકે છે અને એને અંદર એના સ્થાને મૂકે છે. શ્રીકૃષ્ણ કંઈક વિચાર કરે છે અને એક મંદ સ્મિત એમના ચહેરા પર આવી જાય છે.

જેવો રથ એ વૃધ્ધની નજીક આવે છે, શ્રીકૃષ્ણ સારથીને કહીને રથ ઉભો રખાવે છે, પોતે એમાંથી નીચે ઉતરે છે અને ઈંટોના ઢગલામાંથી પોતે પોતાના માથા પર બે ઈંટો મૂકે છે અને અંદર એના સ્થાને મૂકી આવે છે. શ્રીકૃષ્ણને આવું કરતાં જોઈ એમના સૈનિકો પણ એમની સાથે જોડાઈ જાય છે. શ્રીકૃષ્ણ અને સૈનિકોને જોઈને નગરજનો જે અત્યાર સુધી માત્ર જોતાં હતાં તેઓ પણ જોડાય ગયાં. એટલે શું થયું ?

પેલા વૃધ્ધનું જે કામ દસ દિવસમાં પણ પૂરૂં ન હતું થવાનું તે દસ મિનિટમાં પુરૂં થઈ

ગયું. એ વૃધ્ધના ચહેરા પર એક ‘હાશ’ ની અનુભૂતિનું સ્મિત આવી ગયું. એનો વૃધ્ધ અને કરચલીવાળો ચહેરો ચમકી ઉઠયો.

**એક વ્યક્તિની સેવા અન્ય અનેક વ્યક્તિઓને સેવા કરવાની પ્રેરણા આપે છે.**

**કોઈને સહાય કરવી એ પણ સેવાનો એક પ્રકાર છે.**

શ્રીકૃષ્ણ મહારાજ ત્યાંથી ભગવાન નેમનાથ પાસે જાય છે. ભાવપૂર્વક વંદના-નમસ્કાર કરી ભગવાનને પૂછે છે.

હે ભગવાન ! મારા ભાઈ ગજસુકુમાર... મુનિ ગજસુકુમાર ક્યાં છે ? મારે એમના દર્શન કરવા છે. ભગવાને કહ્યું, એમનો તો મોક્ષ થઈ ગયો ! શ્રીકૃષ્ણ આશ્ચર્યચક્તિ થઈ જાય છે. અરે ! હજુ ગઈકાલે તો દીક્ષા લીધી અને આજે મોક્ષમાં !!!

ભગવાને કહ્યું, હા વત્સ ! એમને કોઈ સહાય કરવાવાળું મળી ગયું હતું. જેમ અહીં આવતી વખતે સવારે તમે પેલા વૃધ્ધને ઈંટો મૂકવામાં સહાય કરી અને એનું કામ આસાન થઈ ગયું, તેમ તમારા ભાઈને પણ કર્મો ખપાવવામાં કોઈ સહાયક બન્યું અને એમનો મોક્ષ થઈ ગયો.

શ્રીકૃષ્ણ ફરી પૂછે છે, હે ભગવાન ! એ કેવી રીતે બન્યું ?

ભગવાને કહ્યું, જે સમયે એ સ્મશાનમાં સાધના કરી રહ્યાં હતાં, ત્યારે કોઈએ એમને અસહ્ય દુ:ખ આપ્યું, વેદના આપી, પરેશાન કર્યા પણ એમણે સમભાવમાં રહીને, સમતા રાખીને બધું સહન કર્યું, એટલે એમનાં બધાં જ કર્મો ખપી ગયાં. કોઈએ દુ:ખ આપવા રૂપ સહાય કરી અને એમનો મોક્ષ થઈ ગયો.

જેમ બધી ઈંટો મૂકતાં પેલા વૃધ્ધને દિવસોના દિવસો લાગત, પણ તમારી

સહાયના કારણે ક્ષણોમાં તેનું કામ થઈ ગયું, તેમ જે કર્મો ખપાવતાં તમારા ભાઈને વર્ષોના વર્ષો લાગત, એ કર્મો પેલી વ્યકિતની સહાયના કારણે ક્ષણો લાગી અને એમનો મોક્ષ થઈ ગયો.

માટે જ,

**સેવા એ ત્વરિત મોક્ષનું કારણ છે.**

**સેવા એ ત્વરિત આત્મજ્ઞાનનું કારણ છે.**

**સેવા આત્મજ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ છે.**



# સેવા ત્યાં સ્વીકાર..

# સેવા ત્યાં સ્વીકાર.. 11

એક સમયે આચાર્ય શૈલક મુનિ એમના 500 શિષ્યો સાથે વિચરણ કરી રહ્યાં હતાં. ગુરુ અચાનક બીમાર પડે છે અને એમને શરીરમાં સોળ પ્રકારની વ્યાધિઓ થાય છે.

શરીર સાધનાનું માધ્યમ હોવાથી શિષ્યો એમને શાતા પમાડવાના પ્રયત્નોમાં લાગી જાય છે, પરંતુ તેઓ જે ક્ષેત્રમાં હતાં તે ક્ષેત્રમાં તેમને શાતાની અનુકૂળતા થાય એવા સાધનો કે સગવડતા ન હતાં એટલે એમને શાતા ઉપજે એવા શુભ ભાવથી એમને રાજાની એક મોટી પૌષધશાળામાં ઉતારો આપવામાં આવે છે. ત્યાં વૈધરાજો આવીને એમને ઔષધિઓ અને સારવાર આપે છે  એમનું સ્વાસ્થ્ય થોડું થોડું સુધરવા લાગે છે પણ દવામાં એ પ્રકારના પદાર્થો હોવાથી ગુરુ શૈલક સતત ઘેનમાં રહે છે. એમનો પોતાના શરીર પર કંટ્રોલ ન રહેતો, પણ અંદરથી આત્મા જાગૃત હતો પણ દેહની દશાઓના કારણે એ જાગૃતતા મંદ પડી જતી હતી.

દિવસો અને મહિનાઓ પસાર થાય છે. ગુરુ, દવાના કારણે એમના સાધુજીવનની

દિનચર્યા નિયમિત રૂપે કરી શક્તાં નથી.

ગુરુના એ શિષ્યો જે એમની માત્ર આકૃતિ અને પ્રકૃતિને જ જાણતાં હતાં, ઓળખતા હતાં અને એને જ સ્વીકારતાં હતાં તેઓ ગુરુને છોડી વિહાર કરી જતાં રહે છે. 500 માંથી 499 શિષ્યો વિહાર કરે છે ત્યારે એક શિષ્ય ગુરુ સમક્ષ બે હાથ જાડી ઉભા રહે છે, એ પંથકમુનિ, નથી ગુરુની આકૃતિને ઓળખતા કે નથી એમની પ્રકૃતિને ! ! એમણે તો માત્ર આત્માથી જ ગુરુનો સ્વીકાર ર્ક્યો છે. એ બધાં સાથે વિહાર ન કરતાં, ગુરુ સમક્ષ વિનયપૂર્વક હાથ જોડી ઉભા હોય છે.

ગુરુ પૂછે છે, તારે નથી જવું ? ?

પંથક મુનિએ કહ્યું, ગુરુદેવ ! મારૂં વિચરણ તો આપના ચરણમાં જ છે. જ્યાં આપ છો એ જ મારૂં ક્ષેત્ર છે અને આપને છોડી, આપનાથી અલગ વિચરણ કરવાનો વિચાર પણ હું ન કરી શકું તો આપના વિના રહી તો કેવી રીતે શકું ? ?

ગુરુએ ફરી પૂછયું, અહીંયા તારે મારૂં કેટલું કામ કરવું પડે છે ? તને સાધના કે સ્વાધ્યાય માટે પણ સમય નથી મળતો ! !

પંથક મુનિએ કહ્યું, ગુરુદેવ ! ગુરુનું કામ, ગુરુની સેવા એ તો આત્મગુણોને પ્રગટ કરવાનો, આત્માને અનુભવવાનો અપૂર્વ અવસર છે. ગુરુદેવ ! આપની સેવામાં આ દેહ વપરાય તેનાથી વધારે મોક્ષનું કારણ બીજુ કાંઈ ન હોય. આપની સેવાનો અવસર એ જ મારા પરમ સદ્ભાગ્ય છે.

પંથક મુનિ નિ:સ્વાર્થ ભાવે, સમતા ભાવે રાત-દિવસ ગુરુની સેવા કરે છે, એમને કોઈ પણ પ્રકારે જરાપણ અશાતા ન થાય તેની સતત સાવધાની રાખે છે.

એક દિવસની વાત છે. સાંજનો સમય છે. ગુરુ દવા લઈને ઘસઘસાટ ઊંઘી રહ્યાં છે. પ્રતિક્રમણનો સમય થાય છે. એટલે શિષ્ય ગુરુને વંદના કરી ચરણ સ્પર્શ કરવા જાય છે. જેવો સ્પર્શ કરે છે ગુરુ ઊંઘમાંથી જાગી જાય છે અને એકદમ ગુસ્સે થઈ જાય છે. ગુસ્સામાં ને ગુસ્સામાં બોલે છે, જોરથી ત્રાડ નાંખે છે, આ કોણ એવો કાળી ચૌદસનો જન્મેલો છે જે મારી ઊંઘમાં ખલેલ કરે છે ?

પંથક મુનિ ડર્યા કે ગભરાયા વિના કહે છે :

**भंते! खमेह अवराहम।**
**भंते! खमेह अवराहमे।**
**भंते! खमेह अवराहमे।**

હે ગુરુદેવ ! મારા અપરાધની ક્ષમા આપો, ક્ષમા આપો, ક્ષમા આપો !

ગુરુ થોડા શાંત થાય છે અને પૂછે છે, તે કેમ મારી ઊંઘમાં ખલેલ પહોંચાડી ?

**પંથક મુનિ :** ભંતે ! આજે ચોમાસી પાખીનો દિવસ છે એટલે પ્રતિક્રમણ કરવા માટે, આપની આજ્ઞા લેવા માટે, આપના ચરણ સ્પર્શ ક્ર્યાં, એમાં આપની ઊંઘને ખલેલ પહોંચી. ગુરુદેવ ! મને માફ કરી ધ્યો !

ગુરુ એકદમ ચમકી જાય છે, વિચારોમાં ખોવાય જાય છે, અરે ! આજે ચોમાસી પાખીનો દિવસ અને હું પ્રતિક્રમણના બદલે ઊંઘમાં ! !

વિચાર... વિચાર... વિચાર... ચિંતનની ધારા અને પશ્ચાતાપની ગંગા વહેવા લાગ્યાં. એક તરફ ગુરુનો પશ્ચાતાપ, એક તરફ શિષ્યનો પશ્ચાતાપ ! !

બંને જગ્યાએ આત્મ સ્નાન થતું હતું. બે આત્મા શુધ્ધ-વિશુધ્ધ થઈ રહ્યાં હતાં અને

બંનેના આત્મા નિર્મળ બની ગયાં. બંનેના ચહેરા પર જ્ઞાનમય સ્મિત લહેરાય છે. બંનેને કેવળજ્ઞાન અને કેવળદર્શન થઈ ગયું છે, બંને એકબીજા સામુ જુએ છે.

જેમણે ગુરુની સેવા કરી એ સિધ્ધિને પામી ગયાં અને પેલાં 499 પરિભ્રમણ કરતાં રહ્યાં.

**ગુરુની સેવા એ કલ્યાણની કેડી છે.**

જ્યારે ગુરુ સેવામાં નિઃસ્વાર્થતા હોય, ગુરુની આજ્ઞા એ જ જીવનની આંખ અને પાંખ હોય, ગુરુ ભક્તિમાં કોઈ અપેક્ષા ન હોય અને એ ભાવો સાથે જ્યારે સેવા થતી હોય, ત્યારે પળે પળે આત્મા ઉન્નત થતો હોય !


ગુરુની સેવા એ કલ્યાણની કેડી છે.



# બે દૃશ્યો..

## દૃશ્ય ૧

# બાળકની મનધારા.. 12

વિહાર... સંતોનું એક ગામથી બીજે ગામ ધર્મ પ્રભાવના અર્થે પગપાળા જવું, એ વિહાર યાત્રા એક અનુભવશાળા હોય છે. કેમકે, નવી ભૂમિ, નવા લોકો, નવા વિચારો અને નવી ભાવનાઓના રોજ નવા નવા અનુભવ થતાં હોય છે જે દષ્ટિબોધ પણ આપતાં હોય છે.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ પણ એમના કોલકત્તાના વિહાર દરમ્યાન ઝારખંડમાં થયેલાં અનુભવને કહે છે,

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ :**

વિહારમાં હોઈએ ત્યારે જરૂરી નથી કે દરેક જગ્યાએ ઉતારા માટે જૈનોના જ ઘર મળે. એક દિવસ અમે ઝારખંડમાં એક વૈષ્ણવ પરિવારને ત્યાં ઉતર્યાં હતાં. અમે ત્યાં બેઠા હતાં, પરિવારના વડીલો સાથે સત્સંગ ચાલતો હતો, ત્યાં બાજુમાં શ્રી કૃષ્ણનું નાનકડું મંદિર હતું. થોડીવાર થઈ ત્યાં તેમના બે નાના બાળકો સ્કૂલ યુનિફોર્મમાં તૈયાર થઈને આવ્યા. આવીને શ્રી કૃષ્ણની પ્રતિમા સામે હાથ જોડીને બેસી ગયાં. દસ મિનીટ સુધી ભજન કીર્તન કર્યું અને સ્કૂલે જવા તૈયાર થયાં. મેં

એમને પાસે બેસાડયાં અને અમારી વચ્ચે એક સંવાદ થયો, જેના અંતમા મારા મુખમાંથી સરી પડયું.

**વાહ ! !**

**ગુરુદેવ** : બેટા ! તમે આ શું કરતાં હતાં ?

**બાળક** : તમને ખબર નથી, મંજીરા વગાડીએ ને તો ભગવાનને બહુ ગમે. ભગવાન રાજી રાજી થઈ જાય અને ભગવાન રાજી થાય તો આપણને બધું આવડી જાય.

**ગુરુદેવ** : એમ ? ? ભગવાન મંજીરાનો અવાજ સાંભળે ? ?

**બાળક** : હા... હા... સાંભળે ને !! આપણા ભજનનો, આપણા કીર્તનનો અવાજ તો છેક ધામ સુધી પહોંચી જાય.

**ગુરુદેવ** : ધામ સુધી કેવી રીતે પહોંચે, બેટા ! !

**બાળક** : મહારાજ ! આપણા કાન સાવ નાનકડા હોય પણ ભગવાનના કાન તો બહુ લાંબા હોય !

**ગુરુદેવ** : બેટા, તને આ બધું કોણે શીખડાવ્યું ?

**બાળક** : એ તો અમારા ઘરે ટી.વી. છે ને એમાં આવ્યું હતું. જે દિવસે ટી.વી. માં જોયું તે દિવસથી હું રોજ આ પ્રમાણે ભગવાનનું ભજન કરૂં છું અને મહારાજ ! મેં મારા નાના ભાઈને પણ શીખવી દીધું છે.

**ગુરુદેવ** : પણ આ બધું કરવાથી તને શું મળે ?

**બાળક** : તમને ખબર છે પહેલાં મારા પર્સન્ટેજ 45 થી 50 જ આવતાં હતાં, પણ જ્યારથી હું ભગવાનની ભક્તિ કરૂં છું ત્યારથી મારા પર્સન્ટેજ 80-85 આવે છે. એટલે મને એમ લાગે છે, ભગવાન મારા પર રાજી થઈ ગયાં છે, મને સદ્‌બુધ્ધિ આપે છે અને જ્યારે હું ભણવા બેસુ છું ત્યારે હું કોન્સન્ટ્રેટ કરી શકું છું અને મને બધું યાદ રહી જાય છે.

**ગુરુદેવ** : પણ બેટા ! તને ખબર કેવી રીતે પડી કે, ભગવાન તારા ઉપર રાજી થયાં છે ?

**બાળક** : જુઓ, એક દિવસ મને રસ્તામાં બે સાધુઓ મળી ગયાં. એ તમારી જેવા જ હતાં પણ દીગમ્બર હતાં, એમણે મને પાસે બોલાવીને પૂછયું, બેટા, તારા ઘરમાં ભગવાનનું મંદિર છે ? મેં કહ્યું, હા, છે !

એમણે કહ્યું, મારે તારા ઘરે ઉતરવું છે !

મેં તો ખુશી ખુશી 'હા' પાડી દીધી. મને તો એવું જ લાગ્યું આ શ્રી કૃષ્ણનું જ રૂપ લઈને આવ્યાં છે. એટલે મેં એમને અમારા ઘરે બિરાજમાન ક્ર્યાં, **એમની સેવા કરી.** તે દિવસથી મને ખબર પડી ગઈ, ભગવાન સંતના રૂપમાં આપણા ઘરે આવતા હોય છે. મેં એ સંતને કહ્યું, તમને જે કોઈ સંતો મળે તેમને કહેજો અમારા ઘરે પધારે. આ દોઢ વર્ષથી ઘણા બધાં તમારા જેવા સંતો અમારા ઘરે આવ્યાં છે. ભગવાન મારા પર રાજી થયાં છે, તેનો આનાથી મોટો બીજો પરચો શું હોય ? ?

**સંત એ તો ભગવાનનું સંતાન કહેવાય. ભગવાન જ્યાં પહોંચી ન શકે ત્યાં**

**એમનાં સંતાનને મોકલે ને !**

**ગુરુદેવ : વાહ... ! !**

આ એક નાનકડી વાત, કેટલું બધું સમજાવી જાય છે ? બાળક તો માસુમ અને નિર્દોષ હોય છે. એના મનમાં, એના હૃદયમાં પરમાત્મા પ્રત્યે કેવો પ્રેમ છે, કેવો અહોભાવ છે, એની શ્રધ્ધા કેવી છે, એની ભક્તિ કેવી છે, એ એના એક એક જવાબમાં જણાતી હતી, જે અમારા હૃદયને પણ પ્રસન્ન કરતી હતી.

**એક નાનકડી 'સેવા' શરૂ કરી, ભગવાનની ભક્તિ શરૂ કરી, એનાથી એના હૃદયમાં સોફ્ટનેસ આવી, ભગવાન પ્રત્યે ભક્તિ જાગી, ભગવાનને રાજી કરવા જોઈએ, એવી સમજ આવી, ભગવાનને રાજી કરતાં કરતાં ભગવાન પ્રત્યે પ્રેમ થવા લાગ્યો, ભગવાનને રાજી કરવાના પ્રયોગ રૂપે સંતને ઘરે લાવ્યો, સંતમાં ભગવાનના દર્શન થયાં અને સંત એટલે ભગવાનનું સંતાન એવી શ્રધ્ધા દૃઢ બની.**

ભજન-કીર્તનની ભાવના અને સંતોની સેવા એક બાળકના હૃદયમાં પણ કેટલું બધું પરિવર્તન લાવી શકે છે !

બાળક બુધ્ધિ કેટલું બધું વિચારી શકે છે ? ? મેં એને ફરી પ્રશ્ન કર્યો...

**ગુરુદેવ : બેટા, સંતો તારા ઘરે આવે છે, સારી વાત છે, તમે સંતોની 'સેવા' કરો છો એ પણ ઘણી સારી વાત છે, પણ એમની સેવા કરવાથી તને શું મળે ? તને શું લાભ થાય ? ?**

**બાળક** : મને શું લાભ થાય એ તમારે સમજવું છે ?

**ગુરુદેવ** : હા, બેટા ! મારે એ સમજવું છે.

**બાળક** : તો સાંભળો ! તમારા જેવા ભગવાનના દીકરા અમારા ઘરે આવે એ જ સૌથી મોટો લાભ થયો કહેવાય ! ભાગ્યશાળીના ઘરે જ ભગવાન પધારે ને ! !

**ગુરુદેવ** : વાત તો સાચી છે !

**બાળક** : પછી તમારા જેવા સંતોની ચરણ રજ અમારા ઘરમાં પડે એટલે અમારૂં ઘર પવિત્ર થઈ જાય. તમે અમારા ઘરમાં રહો એટલે ચોવીસ કલાક તમારી શુભ દૃષ્ટિ અમારા ઘરમાં પડે એટલે અમારૂં ઘર શુભ થઈ જાય. હમણા હું તમને પગે લાગવા માટે આવ્યો હતો ત્યારે તમે મારા માથા પર હાથ મૂક્યો હતો ને ? ?

**ગુરુદેવ** : હા, મૂક્યો હતો.

**બાળક** : શા માટે ? ?

**ગુરુદેવ** : તને આશીર્વાદ આપવા માટે !

**બાળક** : આશીર્વાદની કિંમત કેટલી હોય, તમને ખબર છે ? ?

**ગુરુદેવ** : આશીર્વાદ તો અમૂલ્ય હોય !

**બાળક** : તમે હમણાં પૂછતાં હતાં ને સંત તારા ઘરે પધારે તો તને શું લાભ

થાય ? સંતોની સેવા કરવાથી તને શું મળે ? હવે તમે જ કહો, આનાથી અમૂલ્ય બીજું શું હોય ? ?

**ગુરુદેવ** : બીજો શું લાભ થાય ? ?

**બાળક** : સંતોને અમારા ઘરે જોઈ આખા ગામના લોકો અમને માન-સન્માન આપે. અમારો આદર કરે. આજે આખા ગામમાં અમારૂં એક 'નામ' છે. આનાથી મોટો બીજો ક્યો લાભ હોય ! !

**ગુરુદેવ** : **વાહ... ! ! !**

હું તો વિચારમાં પડી ગયો, આટલો નાનો બાળક કેવી મોટી મોટી વાત કરે છે ? ?

એક નાનકડી શરૂઆત... નાનકડી ભગવાનની સેવા-પૂજા, સંતોની થોડી ઘણી સેવા, બાળકના વિચારોમાં, ભાવોમાં કેટલાં મોટા પરિવર્તનનું કારણ બની ગઈ ! !

**સેવા સદાય હિતકારક અને કલ્યાણકારક હોય છે !**



સેવા સદાય હિતકારક અને કલ્યાણકારક હોય છે !

# દશ્ય ૨



# અનોખી સેવા.. 13

જે સમયે અમે બેંગ્લોરમાં હતાં, એક ભાઈ દર્શન કરવા આવ્યાં. દર્શન કરીને મારી સામે બેઠાં. કપાળ પર તિલક હતું, એટલે સ્વામિનારાયણ હશે. મેં એમને એક પ્રશ્ન પૂછયો અને એમણે જે જવાબ આપ્યો એ ખરેખર પ્રશંસનીય હતો અને ત્યારે પણ મારા મુખમાંથી સરી પડયું, 'વાહ !'.

**ગુરુદેવ** : તમે શું કરો છો ?

**ભાઈ** : ગુરુદેવ ! વધારે કાંઈ કરવા માટે મારી પાસે વધારે સમય નથી એટલે સવારે જે બે કલાક મળે તેમાં થોડું ધર્મ-ધ્યાન કરૂં છું.

**ગુરુદેવ** : ધર્મ-ધ્યાનમાં શું કરો છો ?

**ભાઈ** : પરમાત્મા પ્રસન્ન થઈ જાય, એવું કંઈક કરૂં છું.

**ગુરુદેવ** : એવું તે શું કરો છો ?

**ભાઈ** : એ પણ એક રસપ્રદ વાત છે. મને ડાયાબીટીસ અને હાર્ટની તકલીફ

હોવાથી ડૉકટરે મને દરરોજ પાંચ કિલો મિટર ચાલવાનું કહ્યું હતું.

**ગુરુદેવ** : હેલ્થ માટે વોક લેવા જતાં હતાં એ તો બરાબર, પણ એમાં ધર્મ-ધ્યાન ક્યાં આવ્યું ?

**ભાઈ** : રોજ-રોજ ખાલી ખાલી ચાલવા જતો હતો. ત્યાં મને વિચાર આવ્યો આ બે કલાક ચાલવામાં જાય છે તો એની સાથે ધર્મને જોડી દઉં તો ? ? એવું કંઈક કરૂં, જેથી ધર્મ પણ થાય અને વોક પણ થાય. શરીરની સ્વસ્થતા સાથે આત્મા માટે પણ કંઈક થાય.

**ગુરુદેવ** : પછી શું કર્યું ?

**ભાઈ** : પછી હું અમારા સંતો પાસે ગયો. સંતોને વાત કરી અને મને એ પ્રકારની કોઈ આજ્ઞા આપવા કહ્યું. એ સંતે ખૂબ જ સરસ આજ્ઞા આપી, સેવા કરવાની એક તક આપી, જે મને તો પ્રસન્ન રાખે છે પણ મારી આ આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક, નિઃસ્વાર્થ ભાવનું પાલન ચોક્કસ મારા ભગવાનને પણ પ્રસન્ન કરતું હશે.

**ગુરુદેવ** : એવી તે કંઈ આજ્ઞાનું તમે પાલન કરો છો, કઈ સેવા કરો છો, જે તમને અને તમારા ભગવાનને, બંને ને પ્રસન્ન રાખે છે ? ?

**ભાઈ** : સંતે મને કહ્યું, અહીં બેંગ્લોરમાં ભગવાનનું મંદિર તો ઘણું દૂર છે, બધાં રોજ ત્યાં સુધી દર્શન કરવા આવી નથી શક્તાં અને રોજ સેવા-પૂજા કરવાની હોય એટલે લોકો ભગવાનને ઘરે પધરાવતાં નથી, માત્ર ફોટા રાખે છે. તમે સેવાનું સત્કાર્ય કરો, તમે બધાંને ભગવાનના

દર્શન કરાવો. મેં કહ્યું, એ કેવી રીતે ? ? ત્યારે સંતે કહ્યું, હું તમને ભગવાનની એક સિધ્ધ થયેલી પ્રતિમા આપું છે. તમારે ઘરે ઘરે જઈને બધાંને ભગવાનના દર્શન કરાવવાના !

**ગુરુદેવ : વાહ... સરસ !**

**ભાઈ** : પછી મેં એક લાકડાનું નાનકડું મંદિર લીધું, એમાં ભગવાનને બિરાજમાન ર્ક્યાં. રોજ સવારે ઊઠી નાહી-ધોઈ ભગવાનની પૂજા કરૂં, પુષ્પ ચઢાવું અને મંદિરને મસ્તક પર મૂકી, વોક લેવા નીકળું.

મેં આસપાસના અઢી-ત્રણ કિલો મિટરમાં આવતાં બધાં સત્સંગીઓના નામ-એડ્રેસનું લીસ્ટ બનાવી લીધું અને લાઈનથી એક એક ઘરે જાઉં, બેલ મારૂં અને જે ઘરમાંથી આવે એમને, કહું, **'જુઓ ! આજે સ્વયં ભગવાન તમારા ઘરે તમને દર્શન દેવા આવ્યાં છે, તમે દર્શન-વંદન કરો.'**

જેવા એ દર્શન-વંદન કરી લે એટલે ત્રીજી જ મિનિટે ત્યાંથી નીકળી બીજા ઘરે જાઉં, આમ દરરોજ ત્રીસથી ચાલીસ ઘરે જાઉં, બધાંને ભગવાનના દર્શન કરાવું.

બધાંને ભગવાનના દર્શન થઈ જાય અને મારૂં બે કલાકનું વોક થઈ જાય, સાથે સાથે 'સેવા' નું એક સારૂં કામ થઈ જાય.

**ગુરુદેવ : આવી સેવા કરવાથી તમને શું ફીલ થાય છે ?**

**ભાઈ** : મને એવું ફીલ થાય છે, જાણે ભગવાનનું મંદિર નહીં, સ્વયં ભગવાન મારી સાથે છે. જે દિવસથી મેં બધાંને ભગવાનના દર્શન કરાવવાની સેવા શરૂ કરી છે તે દિવસથી મારા હાર્ટનો અને ડાયાબીટીસનો

પ્રોબ્લેમ સોલ્વ થઈ ગયો છે. મારી બે નળી બ્લોક હતી, પણ હવે હું એકદમ નોર્મલ છું. કેટલી બધી વાર ચેક અપ કરાવ્યું પણ ન ડાયાબીટીસ આવે છે, ન કોલોસ્ટ્રોલ કે નથી થતો હાર્ટનો કોઈ પ્રોબ્લેમ અને આખો દિવસ પોઝીટીવ એનર્જી મળે છે તે અલગ! સેવાની સેવા થઈ અને મારી હેલ્થ પણ સુધરી ગઈ. મને એક અલગ પ્રકારની પ્રસન્નતા અનુભવાય છે. પહેલાં હું પચાસ ઘરે જતો હતો હવે અઠવાડિયાનાં ચારસો ઘરે જાઉં છું!

**ગુરુદેવ** : કેમ ? ?

**ભાઈ** : મારા ઘરે ફોન ઉપર ફોન આવે છે, તમે એમના ઘરે જાવ છો, તો અમારા ઘરે પણ આવો. પહેલાં હું ફક્ત સત્સંગીઓના ઘરે જ જતો હતો, હવે તો બધાંના ઘરે જાઉં છું અને લોકોમાં પણ શ્રધ્ધા છે કે, સવારના ભગવાન આપણા ઘરે પધારે, આપણને ઘરે બેઠાં ભગવાનના દર્શન થાય, કેવી શ્રેષ્ઠ વાત કહેવાય અને બને પણ એવું, બધાં કહે પણ ખરા, ભગવાનના દર્શન ક્યાઁ પછી અમારો દિવસ ખૂબ જ સરસ જાય છે અને અમારા દરેક કાર્ય સફળ થાય છે. મન શાંત અને પ્રસન્ન રહે છે.

**ગુરુદેવ** : 'સેવા' વ્યક્તિ ગમે તે પ્રકારે કરી શકે છે. બીજાને ધર્મ પમાડવો એ સ્વયંને ધર્મ પમાડવાની પ્રોસેસ છે. આ ભાઈ જેટલી વાર બીજાને ભગવાનના દર્શન કરાવતાં હશે એટલી વાર એમને ભગવાનના દર્શન ક્યાઁનો અનુભવ થતો હશે.

સેવા આપણને લાગે, આપણે બીજા માટે કરી રહ્યાં છીએ પણ ખરેખર તો એ સેવા

આપણા જ સદ્‌ગુણોનો વિકાસ કરાવનારી હોય છે. આપણે ધર્મ કરીએ છીએ, સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબિલ પણ એમાં શું હોય છે ? આપણો જ સ્વાર્થ ! ઉપવાસ, આયંબિલ કરીશ તો મારા કર્મોની નિર્જરા થશે, સામાયિક કરીશ તો સિધ્ધત્વને પામીશ. એટલે ધર્મમાં પણ સ્વાર્થ હોય છે.

**જ્યારે ધર્મમાં નિ:સ્વાર્થતા આવે છે, ત્યારે જ સ્વયંમાં પરિવર્તન આવે છે.**

તમે પ્રવચન પણ સાંભળો તો એ જ લક્ષ સાથે સાંભળવું જોઈએ કે, આ ભગવાનની વાણી મારે એકલા નથી સાંભળવી, મારી આસપાસનાને પણ સંભળાવવી છે.

જો બીજા સુધી પહોંચાડવાનું લક્ષ હશે, તો મારે પહેલાં મારા સુધી તો પહોંચાડવું જ પડશે. તમે પામશો તો તમે પમાડી શકશો, પમાડવાનું લક્ષ એ જ પામવાનું પરિબળ છે.

આ ભાઈ મંદિર માથે મૂકીને રસ્તે ચાલતાં હશે તો શરૂઆતમાં એમને શરમ નહીં આવી હોય ? લોકો શું કહેશે એ વિચાર નહીં આવ્યો હોય ? પણ જેને સેવા કરવી જ હોય તેને કોઈની પરવા ન હોય.

**ભાઈ** : હા, ગુરુદેવ ! પહેલાં શરમ આવતી હતી. લોકોનો વિચાર પણ આવતો હતો પણ મારા સંતની આજ્ઞા હતી, એટલે એ બધું ગૌણ બની ગયું, હવે તો લોકો માન આપે છે, આદર કરે છે અને કહે છે તમે તો ભગવાનના 'પોઠિયા' છો. 'પોઠિયા' એટલે ભગવાનના મુખ્ય આરાધક !

ઘણીવાર તો બપોરે, સાંજે બહાર નીકળો હોઉં, મસ્તક પર ભગવાનનું મંદિર પણ ન હોય, છતાં લોકો ચરણ સ્પર્શ કરે અને કહે, તમારા

કારણે અમને ઘરે બેઠાં ભગવાનના દર્શનનો લાભ મળે છે અને એ દર્શનના કારણે અમારા પ્રોબ્લેમ્સ સોલ્વ થઈ ગયાં છે, તમે તો અમારા માટે ભગવાનના દૂત છો.

**ગુરુદેવ** : તમારી લાઈફ સ્ટાઈલમાં પણ પરિવર્તન આવ્યું હશે ને ? ?

**ભાઈ** : હા, પહેલાં હું વીકમાં બે મુવી જોતો હતો, હવે મને મુવી જોવા જવામાં પણ શરમ આવે છે.

એક તરફ લોકો મને પગે લાગતા હોય અને હું મલ્ટીપ્લેકસમાં મુવી જોવા જાઉં કેવું લાગે ? મારો મુવી જોવાનો શોખ જ છૂટી ગયો. એવી જ રીતે મારા પાન, મારો ગુસ્સો બધું જ છૂટી ગયું અને એ બધાંથી વિશેષ જ્યારે હું યુનિવર્સીટીમાં મારા દીકરાના એડમિશન માટે ગયો અને કોઈ પણ હિસાબે એડમિશન મળતું જ ન હતું, અમે બંને નિરાશ થઈ છેલ્લાં પ્રયત્નો કરતાં હતાં. ત્યાં જ એક ભાઈ આવ્યા અને મને કહ્યું, તમે ? ? તમે અહીંયા ? ? મેં એડમિશન બાબતની બધી વાત કરી. એમણે કહ્યું, તમારા ડોક્યુમેન્ટસ્ આપો અને દસ જ મિનિટમાં લેટર લઈને આવ્યા. તમારા દીકરાનું એડમિશન થઈ ગયું છે. હું ઉપકાર ભાવે આભાર માની રહ્યો હતો અને એમણે કહ્યું, ઉપકાર તો તમારો છે, તમે અમને રોજ ભગવાનના દર્શન કરાવો છે.

**ગુરુદેવ** : **સેવાનું એક કાર્ય કેટલાં બધાં કાર્યો સફળ કરી આપે છે !**

**ભાઈ** : ગુરુદેવ ! હજુ એક વાત કહું, આજે તમારા દર્શન કરવાનું જે સદ્ભાગ્ય મળ્યું છે એ પણ આ ભગવાનના કારણે જ ! ! તમારા

સત્સંગનો આ લાભ પણ આ સેવાના કારણે જ મળ્યો છે. હું જે ઘરે ભગવાનને દર્શન માટે લઈ જતો હતો તે ભાઈએ આજે મને કહ્યું, આજે અમારા સંત, અમારા ગુરુ પધાર્યાં છે, તમે દર્શન કરવા આવશો ? અને મને આપના દર્શનનો લાભ મળી ગયો.

**ગુરુદેવ : સેવા નાની હોય કે મોટી ક્યારેય સામાન્ય ન હોય, સેવા શ્રેષ્ઠ હોય, સેવા સફળ હોય.**


સેવા પ્રભુ પ્રેમનો પ્રસાદ
પ્રભુની પ્રેરણા...
પ્રભુની યાત્રા...
પ્રેમનો પર્યાય...

# સેવા પ્રભુ પ્રેમનો પ્રસાદ 14

તમે કોઈ સંસ્થામાં, ધર્મ સ્થાનકમાં કે કોઈ મિશનમાં સેવા કરો છો, સેવા આપવા જાવ છો, તો એ તમારી દૃષ્ટિએ કદાચ 'સેવા' એક કાર્ય રૂપે હશે, પણ ખરેખર ! તમે સેવાનો અનુભવ કરશો તો તમને ખ્યાલ આવશે, તમે સેવા કરવા નથી જતાં, તમે પ્રભુને પ્રેમ કરવા જાવ છો, પ્રભુની આજ્ઞાનું પાલન કરવા જાવ છો, તમારા કાર્યને પ્રેમ કરવા જાવ છો અને તમારો પ્રેમ છે એટલે જ સેવા થાય છે.

માનો કે, તમે કોઈ વ્યક્તિને પ્રેમ કરો છો, તો એ વ્યક્તિનો સાથ, સંગાથ તમને ગમે કે કંટાળો આપે ? એ જાય ત્યારે વિરહની વેદના થાય કે 'હાશ' થાય ? ? તમને ન માત્ર ગમે પણ એના સાથમાં સમય ક્યાં પસાર થઈ જાય એ પણ ખબર ન પડે, કેટલાં કલાક વિતી ગયાં એ પણ ખબર ન પડે અને ઘડિયાળ સામે જોવાનું તો યાદ જ ન આવે ! એમ જે સેવાને પ્રેમ કરે એને સમયનું ભાન જ ન રહે.

તમે જેને પ્રેમ કરતાં હો, એ દિવસમાં કેટલીવાર યાદ આવે ? અને સેવા તમને દિવસમાં કેટલી વાર યાદ આવે ? ? જેટલી વાર સેવાને યાદ કરો છો, એટલો તમે સેવાને પ્રેમ કરો છો, એટલો તમે પ્રભુને પ્રેમ કરો છો. કેમકે, સેવા એ પ્રભુ પ્રેમનો

પર્યાય છે, સેવા કરવી એ પ્રભુની પ્રેરણા છે. પ્રભુની આજ્ઞા છે.

માટે જ, **સેવામાં ભાવ હોવા જોઈએ, સેવા 'ભાર' ન હોવી જોઈએ.**

તમે જો સેવા દ્વારા પ્રભુ પ્રેમનો પ્રસાદ વહેંચતા હો તો તમારા હૃદયમાં કેવી હળવાશ હોય ? અને જ્યાં સુધી હળવાશ ન હોય ત્યાં સુધી સેવા ન હોય ! જે સેવા કરતાં હોય, જે પ્રભુ પ્રેમનો પ્રસાદ વહેંચતા હોય એના હૃદયમાં પ્રેમભાવ હોય, કરૂણાભાવ હોય, સેવાભાવ હોય, 'ભાર' ન હોય. 'ભાર' ત્યારે જ આવે, જ્યારે સેવામાં અહમ્, આગ્રહ અને અધિકાર ભળી જાય. જ્યારે સેવામાં નિઃસ્વાર્થતા હોય, સેવા અપેક્ષા રહિત હોય ત્યારે સેવામાં 'ભાવ' હોય !

**સેવા તમારી માટે 'ભાવ' હોવો જોઈએ કે 'ભાર' ? ?**

સેવા કરનારના ચહેરા પર પ્રસન્નતાનો ભાવ હોય કે પ્રેશરનો ભાર હોય ?

ભાવનો એક નિયમ છે, સ્વીકાર ! ! જ્યાં ભાવ હોય ત્યાં સ્વીકાર હોય, પછી એ પરિસ્થિતિનો હોય, સંજોગોનો હોય કે વ્યક્તિનો હોય ! ભાવ એટલે સર્વ સ્વીકાર અને જ્યાં સર્વ સ્વીકાર હોય ત્યાં ક્યારેય થાક, કંટાળો કે હાશકારો ન હોય !

પ્રભુનો પ્રેમ, 'સેવા' જેની જીંદગીમાં હોય એની મુસ્કાન, એનું સ્મિત, એના ચહેરાની રૂપરેખા જ અલગ હોય. એની ઓરા જ અલગ હોય. એનું વર્તુળ અલગ હોય. જે સેવા સાથે જોડાયેલાં હોય એને શીખવાનું કાંઈ ન હોય, છતાં ઘણું બધું આવડી જતું હોય. તમે તમારા કાર્યને પ્રેમ કરતા હો અને એ કાર્યમાં પ્રભુના દર્શન કરતાં હો તો એ અનુભવ કેવો હોય ?

એક દિવસ સ્વામિનારાયણ મંદિરમાં એક વડીલ અને જ્ઞાની સંત, મંદિરના હોલમાં

પોતું મારતાં હતાં. ત્યાંથી પસાર થનાર વ્યક્તિએ પૂછયું, તમે આ શું કરો છો ? સેવકો ક્યાં છે ? ?

સંતે કહ્યું, હું તો મારા 'બાપા' ની આજ્ઞાનું પાલન કરૂં છું.

તે વ્યક્તિએ ફરી પૂછયું, તમને આવું કામ કરતાં સંકોચ નથી થતો ?

સંતે કહ્યું, સંકોચ ? ? આ તો મારા પ્રભુની સેવાનું કાર્ય છે, પ્રભુની સેવા કરવામાં સંકોચ હોય ? ? તમને ખબર છે એક એક ટાઈલ્સમાં પોતુ મારતી વખતે મને એમાં પ્રભુના દર્શન થાય છે અને પ્રભુના દર્શન કરતાં કરતાં મનડું હરખાય જાય છે ! !

આ છે સેવામાં રહેલો ભાવ, ભાવથી ભરેલી સેવા ! ! જેને 'સેવા' નો આવો અહેસાસ થાય, એને જ સેવા કરવાની તક આપનાર પ્રત્યે ઉપકાર ભાવ પ્રગટ થાય, અહોભાવ થાય !

તમને સેવા કરવાની તક મળી, એનો અર્થ એ જ છે કે, પ્રભુએ તમને પ્રેમનું કાર્ડ મોકલ્યું છે. એ કાર્ડના ભાવોને જે સમજી શકે છે, તેની સેવા સાર્થક હોય છે, તેને જ સેવાની એક એક પ્રવૃતિમાં પ્રભુ પ્રેમનો અહેસાસ થાય છે.

**સેવા એ તો પ્રભુના પ્રેમનો પ્રસાદ છે.**

પ્રેમનો એક નિયમ હોય. જ્યાં પ્રેમ હોય ત્યાં કહ્યાં વિના ચાર કામ થતાં હોય અને જ્યાં પ્રેમ ન હોય ત્યાં ચાર વાર કહ્યાં પછી પણ એક સેવા થતી ન હોય ! તમે કહ્યાં વિના ચાર સેવાના સત્કાર્યો કરો છો કે, ચારવાર કહેવા છતાં પણ એક સેવા પૂરી થતી નથી ? ? આ જ તમારી સેવાનું માપદંડ છે.

સેવા એ જ હોય, જ્યાં નિત નવી વિવિધતા હોય, વિશિષ્ટતા હોય, જે તમારા

સેવાના સત્કાર્યને નવી ઊંચાઈએ લઈ જતી હોય, તમારા કાર્યને નવું સ્વરૂપ આવતી હોય.

માનો કે એક 'મા' છે, તેની પાસે ત્રણ જ વસ્તુ છે, ઘી, ગોળ અને લોટ ! તેને એક દીકરો છે, એ દીકરાને ખૂબ જ પ્રેમ કરે છે. તો એ શું કરશે ? રોજ દીકરાને ઘીવાળી રોટલી અને ગોળ જમાડશે ? ? ના ! આ ત્રણ વસ્તુમાંથી જ રોજ એ એના માટે જુદી જુદી વાનગી બનાવશે. ક્યારેક શીરો તો ક્યારેક સુખડી, ક્યારેક સક્કરપારા તો ક્યારેક માલપુવા ! !

એમ જે વ્યક્તિ એની સેવાને, એના કાર્યને, એના મિશનને પ્રેમ કરે છે એ રોજ કંઈક નવું નવું સર્જન કરે છે.

**સેવા ક્યારેય રૂટિન ન હોય.**

પ્રભુ પ્રેમમાં ક્યારેય રૂટિન ન હોય અને રૂટિનમાં ક્યારેય પ્રભુ પ્રેમ ન હોય.

એટલે તમારી સેવામાં, તમારી સંસ્થાના વિકાસમાં, તમારા મિશન્સની પ્રગતિમાં કંઈક નવિનતા હોવી જોઈએ. કંઈક નવા વિચારો, નવા આયોજનો, જે નવી નવી વ્યક્તિઓને પણ સેવાના સત્કાર્યમાં જોડાવા પ્રેરિત કરે.

સંસ્થા કે મિશન્સની સફળતા એ જ કહેવાય, તમારી સેવાની સાર્થક્તા એ જ કહેવાય, જેમાં નવા ચાર આવે અને જુના એક પણ જાય નહીં.



**સેવામાં જો ઈગો ભળી જાય તો સેવા સ્વાર્થ બની જાય,**
**સેવામાં જો ઈગો ઝીરો થઈ જાય તો સેવા 'સ્વ' બની જાય.**


સેવામાં ભાવ હોવા જોઈએ, સેવા 'ભાર' ન હોવી જોઈએ.


સેવાથી સિધ્ધત્વ..

# સેવાથી સિધ્ધત્વ.. 15

**गुरु साहम्मिय सूस्सूसणयाए णं भंते, जीवे किं जणयइ?**

ગુરુ અને સાધર્મિકની સેવા કરવાથી શું મળે ?

**પરમાત્મા કહે છે :**

ગુરુ અને સાધર્મિકની સેવા કરવાથી વિનય પ્રતિરૂપતાની પ્રાપ્તિ થાય છે. વિનય પ્રતિરૂપતા આવે ત્યારે ત્રીજા, પંદરમાં કે તે જ ભવમાં મોક્ષ થાય છે. એકવાર વિનય પ્રતિરૂપતા આવી જાય એટલે મોક્ષ નક્કી જ !! જેને ગુરુ સેવામાં, ગુરુ આજ્ઞામાં આનંદ આવે છે, તેનામાં વિનયભાવ હોય છે, તેના પ્રત્યેક કાર્યમાં સંવેદન હોય છે, તેના પ્રત્યેક કાર્યમાં પ્રગતિ હોય છે. ગુરુની સેવા એટલે ગુરુ પ્રત્યેના પ્રશંસાના ભાવને વ્યક્ત કરવા. ગુરુના ગુણગ્રામ કરવા !!

પ્રશંસા એ પ્રચાર છે. પ્રશંસાથી પ્રેરાઈને કદાચ કોઈ બે-ચાર નાસ્તિક વ્યક્તિ, આસ્તિક બની જાય, કોઈ ધર્મ તરફ વળી જાય, કોઈ આત્મ કલ્યાણના માર્ગે આવી જાય તો તમને ધર્મ મળે, ભગવાન મળે એવા પુણ્ય કર્મ બંધાય જાય.

ધર્મની આરાધના કરવાથી કર્મોની નિર્જરા થાય છે જ્યારે દેવ ગુરુ ધર્મનો પ્રચાર

કરવાથી, કોઈકને પમાડવાથી, ભવિષ્યમાં પામી શકીએ એવા ઉચ્ચ ગોત્ર પુણ્યનો બંધ થાય છે. કોઈકને પમાડવું એ જ પામવાનું કારણ છે.

**જેવી સાધર્મિકની સેવા, એવી સુમતિ પ્રાપ્ત થાય.**

**જેવી ગુરુની સેવા, એવી સદ્‌ગતિ પ્રાપ્ત થાય.**

જ્યારે વ્યક્તિ ગુરુ અને સાધર્મિકની સેવા કરે છે, ત્યારે એના રૂપ અનુસાર એની પ્રતિરૂપ શૈલી હોય છે. એટલે કે એ ‘મા’ ના રૂપમાં છે તો એની જીવનશૈલી ‘મા’ અનુસારની હોય છે. જ્યારે પ્રતિરૂપ શૈલી હોય ત્યારે વ્યક્તિ દુર્ગતિમાં જતી નથી. દુર્ગતિ એટલે ભગવાન વિનાનો ભવ અને સદ્‌ગતિ એટલે ભગવાન સાથેનો ભવ.

ભગવાન સાથેનો ભવ મળવાથી શું થાય ?

ભગવાન સાથેનો ભવ મળવાથી વારંવાર ભગવાનની અનુભૂતિ થાય છે, જેને વારંવાર ભગવાનની અનુભૂતિ થાય તેના દુર્ગુણો ઘટે છે અને સદ્‌ગુણો વધે છે. સદ્‌ગુણો વધે છે એટલે આત્મ શુધ્ધિની દિશામાં આગળ વધે છે અને આત્મ શુધ્ધિ કરતાં કરતાં એક દિવસ સિધ્ધત્વને પામે છે.

**સેવા એ સિધ્ધત્વ તરફ લઈ જતો રાજમાર્ગ છે.**


સેવા એ સિધ્ધત્વ તરફ
લઈ જતો રાજમાર્ગ છે.



# સેવાથી કૃપાવંત

# સેવાથી કૃપાવંત

# 16

એક વ્યક્તિ એકવાર બોલે અને એનું કામ થઈ જાય અને એક વ્યક્તિ કહી કહીને થાકી જાય તો પણ એનું કામ ન થાય, શા માટે ? ? જેણે મા-બાપની, વડીલોની, સંતોની કે સાધર્મિકની સેવા કરી હોય તેના કામ સહજતાથી થઈ જાય અને જેણે જીંદગીમાં કોઈની સેવા નથી કરી તેના કામ અનેકવાર કહેવા પછી પણ નથી થતાં.

જે સેવા કરતાં હોય, જેમણે સેવા કરી હોય, તેમને કહેવું પણ ન પડે અને સામેવાળા સમજી જાય અને કહ્યાં પહેલાં જ તેનું કાર્ય થઈ જાય ! આપણે કહીએ અને પછી કોઈ કરે , એ આપણા ભાગ્ય. જ્યારે આપણે કહીએ નહીં અને છતાં પણ આપણા કામ થઈ જાય તેને 'ગુરુકૃપા' કહેવાય.

હવે આપણે ભાગ્યશાળી બનવું છે કે કૃપાવંત એ આપણા સ્વયંના હાથમાં જ છે.

કામ કરવાથી કે કામ કહેવાથી કામ થતું નથી. કૃપાને મેળવો, કામ માટે કોઈને કહેવું નહીં પડે અને છતાં પણ કામ થઈ જશે.

**કૃપા તમારા અનેક કામ કરી આપશે જ્યારે કામ તમારૂં એક કામ કરી દેશે.**

હવે આપણે શું કરવું એ આપણે વિચારવાનું છે.



કૃપા તમારા અનેક કામ કરી આપશે...
જ્યારે કામ તમારું એક કામ કરી દેશે.

Contact us at: +91 9860905678
write us at: connect@parasdham.org
Visit our website: www.parasdham.org
Whatsapp "Jai Jinendra" to: +91 7666266566
Subscribe to: www.youtube.com / ParasdhamTV
Follow us at: www.facebook.com / ParasdhamIndia
Hear Pujya Gurudev at: www.soundcloud.com / Parasdham